©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, FEBRUARY 5, 2026 / MAGHA 16, 1947 [No. 6

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	257-291	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	11
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	6	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	187-220

પોલીસ કમિશનર દ્વારા

વંચાણે લીધા :

૧. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા

૨. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ અન્વયે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અન્વયે

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૩/૨૦૨૫.–હું, જી.એસ.મલિક IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નીચે જણાવ્યા મુજબની વિગતેના વાહનો પ્રવેશી શકે નહી તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા અને માર્ગ અકસ્માતને નિયંત્રિત કરવા અંગે લાઈટ મોટર વ્હીકલ (હલકું મોટર વાહન) એટલે કે, ટ્રાન્સપોર્ટ વાહન કે જેનું ફૂલ વજન (Gross Vehicle Weight) ૭૫૦૦ કિ.ગ્રા. સુધીનું થતુ હોય (આ બાબતની નોંધ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ બુકમાં જણાવેલ હોય છે) તેવા તમામ લાઈટ ગુડ્ઝ વ્હીકલ (LGV પ્રકારના વાહનો) તથા તમામ લાઈટ પેસેન્જર વ્હીકલ (LPV પ્રકારના વાહનો) શહેરની અંદર પ્રવેશ કરી શકશે. તે સિવાયના ગુડ્ઝ વ્હીકલ/પેસેન્જર વ્હીકલ તેમજ ટ્રેક્ટર-ટ્રોલીની શહેરમાં અવર-જવર કરવા ઉપર સવાર કલાક ૮.૦૦ થી ૨૩.૦૦ દરમિયાન આમુખ (૧) નિર્દીષ્ટ કરેલ જાહેરનામાથી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

તેવી રીતે અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતા પેસેન્જર વાહનો / મિની બસ કે જેની સીટીંગ કેપીસીટી ફૂલ-૩૩ સુધીની હોય તેવી ક્ષમતાવાળા ફક્ત પેસેન્જર વાહનો (આ બાબતની નોંધ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ બુકમાં જણાવેલ હોય છે) શહેરની અંદર પ્રવેશ કરી શકશે. (સ્લીપીંગ અંગેની સુવિધા સિવાયના)

તેમજ ૩૩-પેસેન્જરથી વધુ ક્ષમતાવાળા તમામ પ્રકારના પેસેન્જર વાહનોની શહેરમાં અવર-જવર કરવા ઉપર સવાર કલાક ૮.૦૦ થી ૨૨.૦૦ દરમિયાન આમુખ (૨) નિર્દીષ્ટ કરેલ જાહેરનામાથી પ્રતિબંધ કરમાવવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૨/૯/૨૦૨૫ થી તા.૨/૧૦/૨૦૨૫ સુધી નવરાત્રી મહોત્સવ તથા દશેરાના તહેવારની ઉજવણી થનાર છે. આ મહોત્સવ દરમ્યાન શહેરમાં સુચારુ ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને માર્ગ અકસ્માતો બનતા નિવારવા સારુ ઉપર્યુક્ત બન્ને જાહેરનામાથી શહેરમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ તમામ પ્રકારના વાહનો સવાર કલાક ૮.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી તથા રાત્રી કલાક ૦૦.૦૦ થી રાત્રી કલાક ૦૨.૦૦ સુધી શહેરમાં પ્રવેશ કરી શકશે નહી જે અંગેનો પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૨/૯/૨૦૨૫ થી તા.૨/૧૦/૨૦૨૫ સુધીના રોજેરોજ સવાર કલાક ૮.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી તથા રાત્રી કલાક ૦૦.૦૦ થી રાત્રી કલાક ૦૨.૦૦ સુધી કરવાનો રહેશે.

બાકીની તમામ વિગતો અને હુકમ આમુખ (૧) પ્રસિદ્ધ કરેલ જાહેરનામા મુજબ યથાવત રાખવામાં આવે છે.

તા.૨/૧૦/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૨.૦૦ બાદ આ પ્રસિદ્ધ કરેલ જાહેરનામું આપોઆપ રદ થયેલ ગણાશે અને તા.૩/૧૦/૨૦૨૫ ના સવાર કલાક ૦૮.૦૦ થી આમુખ (૧) તથા (૨) થી નિર્દીષ્ટ કરેલ જાહેરનામાઓ આપોઆપ અમલમાં આવશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૮/૯/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ નો ડ્રોન ફલાય ઝોન/૧૧૧/૨૦૨૫ તા.૧૧/૦૯/૨૦૨૫.–માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૧૩, ૧૪/૦૯/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઇ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન

નં.જજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઈ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૧૩/૦૯/૨૦૨૫ ના કલાક ૧૬/૦૦ થી તા.૧૪/૦૯/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અમદાવાદ શહેરના ક્રમાંક : જિશિઅ/પરીક્ષા/૨૦૨૫/૩૩૪૯-૫- તા.૦૫/૦૯/૨૦૨૫ આધારે.

(૨) જીલ્લા ચીફ કો-ઓડીનેટર અને નિવાસી અધિક કલેકટરશ્રી, અમદાવાદ શહેરની કચેરીના પત્રક્રમાંક:નં.એક્ઝામ સેલ/GSSSB/વર્ગ-૩/ પરીક્ષા/ જાહેરનામું/વશી. ૩૨૫/૨૦૨૫ તા.૦૭/૦૯/૨૫.

:- જાહેરનામું -:

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૧૧૨/૨૦૨૫.—ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા રેવન્યુ તલાટી વર્ગ-૩ (જા.ક.GSSSB/ 202526/301) ની પ્રાથમિક કસોટી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા માટે તા.૧૪/૦૯/૨૦૨૫ ને રવિવારના રોજ કલાક ૧૪/૦૦ થી કલાક ૧૭/૦૦ સુધી અમદાવાદ શહેર ખાતેના કુલ-૧૯૯ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

પરીક્ષા માટે આ હુકમ તા.૧૪/૦૯/૨૫ ના રોજ ક.૧૨/૦૦ થી ક.૧૯/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક: વિશેષ શાખા/ 'એ' સેકશન/પરમીટ/ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી /૧૧૩/૨૦૨૫.–અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે.જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઈલ ચોરી અન્ય કિમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં,અમદાવાદ શહેરની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં હું, જી.એસ. મલિક, આઈ.પી.એસ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

-: હુકમ :-

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં ચાલકે/ માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ×૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ) આશરે ૩૦ m.m. ની રાખી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું લખાણ લખવાનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

Vehicle No. :
Owner's Name :
Driver's Name :
Police helpline No. : 100,112
Women helpline No. : 181
Traffic helpline No. : 1095

-: અમલવારીનો સમય :-

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૧૬/૦૯/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૧૪/૧૧/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જી. એસ. મલિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ (શહેર).

જાહેરનામું

પોલીસ કમિશનર વડોદરા શહેર, વડોદરા નાઓ દ્વારા સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળનો નિયમ.

ક્રમાક:જી/સીપી/ડીસીપી-ટ્રાફિક/જાવક/નવરાત્રી ઉત્સવ જાહેરનામુ/૧૫૦૦/૨૦૨૫.–તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૦/૨૦૨૫ નવરાત્રી ઉત્સવ તથા તા.૦૨/૧૦/૨૦૨૫ના રોજ દશેરાની ઉજવણી નવરાત્રી દરમ્યાન વડોદરા શહેરમાં મોટા પ્રમાણમાં નવરાત્રી ગરબાઓનું આયોજન કરવામાં આવે છે તેમજ ઘણી જગ્યાએ જાહેરમાર્ગો પર, પણ ગરબા થાય છે. ગરબાઓમાં ખૈલયાઓ તથા દર્શકો રાત્રે કલાક ૨૦:૦૦ વાગ્યાથી રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી ગરબે ઝુમી, પોતાના નિવાસ સ્થાને જતી હોય છે તે સમયે અને ત્યાર બાદ પણ વડોદરા શહેરના જાહેરમાર્ગો ઉપર ટ્રાફિકનું ભારણ વધુ પ્રમાણમાં રહેતું હોય છે. ભારદારી વાહન પ્રવેશબંધીના જાહેરનામાનો સમય કલાક ૨૧:૦૦ વાગે પૂર્ણ થતાં, ભારદારી વાહનો શહેરમાં પ્રવેશવાથી નાના-મોટા અકસ્માતો તથા ટ્રાકિક જામ થવાની સંભાવના રહેલી છે.

-: જાહેરનામાની વિગત :-

ક્રમાંક:જી/સીપી/ડીસીપી/ટ્રાફિક/જાવક/ભારદારી વાહન રીવાઈઝ/આખરી જાહેરનામુ/૧૪૨૧/૨૦૧૯ તા.૨૭/૦૩/૨૦૧૯નું જાહેરનામું હાલ અમલમાં છે. તે જાહેરનામામાં જણાવ્યા મુજબ (૧) ગોલ્ડન બ્રિજ (૨) આજવા બ્રિજ (3) વાઘોડીયા બ્રિજ (૪) કપુરાઇ બ્રિજ (૫) તરસાલી બ્રિજ (૧) જામ્બુવા બ્રિજ (૭) ગોત્રી ચેક પો.સ્ટ (૮) ઉંડેરા સર્કલ (૯) છાણી જકાતનાકા સર્કલ (૧૦) દુમાડ બ્રિજ (૧૧) દેણા ચોકડીથી પ્રવેશ કરતાં વાહનો તેમજ રીંગ રોડ ફરતે એટલે કે, માણેકપાર્ક સર્કલ થી ન્યુ વી. આઇ. પી. રોડ ખોડીયારનગર ચાર રસ્તા, કરદાર એસ્ટેટ ચાર રસ્તા વૃન્દાવન ચાર રસ્તા, પરીવાર ચાર રસ્તા, સોમા તળાવ ચાર રસ્તાથી સોમા તળાવ રેલ્વે ઓવર બ્રિજ, બંસલ મોલ, તરસાલી શાકમાર્કેટ ત્રણ રસ્તા, સુશેન રીંગ રોડ, સુશેન

સર્કલ, જયુપીટર ચાર રસ્તા, વડસર રોડ, વડસર રેલ્વે ઓવર બ્રિજ, ખિસકોલી સર્કલ, અટલાદરા સ્વામી નારાયણ મંદિર થઈ, પ્રમુખ સ્વામી હોસ્પિટલ રેલ્વે ફાટક, ગોકુલેશ એપાર્ટમેન્ટ ત્રણ રસ્તા, સનફાર્મા રોડ, મકરંદ દેસાઈ રોડ, જે.પી. રોડ પોલીસ સ્ટેશન ચાર રસ્તા, રાણેશ્વર ચાર રસ્તા, હરીનગર બ્રિજ નીચે થઈ રાજેશ ટાવર રોડ, ઝાંસી કી રાણી સર્કલ, સુરેશ ભજ્જીયા હાઉસ ચાર રસ્તા, આકાંક્ષા ડુપ્લેક્ષ ત્રણ રસ્તા, ગોરવા દશામાં મંદિર સર્વેશ્વર ફ્લેટ, બાપુની દરગાહ, ગોરવા આઈ.ટી. આઈ ચાર રસ્તા, ગોરવા મધુનગર ચાર રસ્તા, નવાયાર્ડ બ્રિજ ઉપર, ધરમપુરી સર્કલ, સૈનિક છાત્રાલય સર્કલ, અભિલાષા ચાર રસ્તા, ચાણકયપુરી ચાર રસ્તા, સમા, જલારામ મંદિર, સમા ટી પોઈન્ટ, ઉર્મી બિજ, અમિતનગર સર્કલ સુધીના માર્ગ ઉપર (રીંગ રોડ) તેમજ વડોદરા શહેરના અંદરના વિસ્તારમાં પ્રવેશ કરતાં તમામ ભારદારી વાહનો જેવા કે ટ્રક, ટેન્કર, ટેલર વિગેરે તથા છ કે તેનાથી વધુ પૈડાવાળા ભારદારી વાહનો તેમજ લકઝરી બસોને સવાર કલાક ૦૭:૦૦ થી ૧૩:૦૦ સુધી અને કલાક ૧૬:૦૦ થી કલાક ૨૧:૦૦ સુધી પ્રવેશ કરી શકતાં નથી.

હું નરસિમ્હા કોમાર (IPS) પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરામાં આમ જનતાને અગવડતા ન પડે તેમજ ટ્રાફિક સુચારૂ ચાલે તે હેતુસર ઉપરોકત જાહેરનામાના સમયમાં વધારો કરી, તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૦/૨૦૨૫ દરમ્યાન સવાર કલાક ૦૭:૦૦ થી ૧૩:૦૦ તથા સાંજના કલાક ૧૬:૦૦ થી મધ્યરાત્રીના કલાક ૦૨:૦૦ સુધી અથવા નવરાત્રી મહોત્સવ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના ભારદારી વાહનો માટે પ્રવેશબંધી જાહેર કરવામાં આવે છે.

એસ.ટી.બસો માટે વૈકલ્પિક વ્યવસ્થા

નં	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧	જામ્બુવા બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં.	(૧) સુરત તરફથી, ડભોઇ તરફથી, વાઘોડીયા તરફથી, આજવા તરફથી, હાલોલ તરફથી, એકસપ્રેસ હાઈવે તરફથી આવતી એસ.ટી બસો જામ્બુવા બ્રિજથી તરસાલી બ્રિજ, કપુરાઇ બ્રિજ, વાઘોડીયા બિજ, આજવા બ્રિજ, દરજીપુરા બ્રિજ, ગોલ્ડન બ્રિજ, દુમાડ બ્રિજ, ફર્ટીલાઇઝર બ્રિજથી છાણી જકાતનાકા સર્કલ સૈનિક છાત્રાલય સર્કલ નિઝામપુરા રોડ મહેસાણાનગર સર્કલ, ડીલક્ષ ચાર રસ્તા, ફતેગંજ સર્કલ, પંડયા બ્રિજ થઇ, સેન્ટ્રલ એસ.ટી. ડેપો જઇ શકશે. (૨) જંબુસર, પાદરા, ગોત્રી તરફથી આવતી બસો અટલાદરા BAPS સર્કલ, કલાલી બ્રિજ ઉપર, અક્ષરચોક સર્કલ અટલ બ્રિજ ઉપર, પંડયા બ્રિજ ઉપર, ફતેગંજ બ્રિજ નીચેથી યુ ટર્ન લઈ પરત પંડયા બ્રિજ નીચેથી ડાબી બાજુ વળી, નટરાજ સર્કલ થઈ સેન્ટ્રલ એસ.ટી. ડેપો જઈ શકશે.
૨	સુશેન સર્કલથી વડસર બ્રિજ તેમજ મકરપુરા રોડ ભવન્સ સર્કલ તરફ જઇ શકાશે નહીં.	
૩	GIDC જયુપીટર ચાર રસ્તાથી વડસર બ્રિજ તેમજ તુલસીધામ ચાર રસ્તા તરફ જઇ શકાશે નહીં.	
૪	મકરપુરા ભવન્સ સર્કલથી શ્રેયસ સ્કુલ ત્રણ રસ્તા તેમજ બરોડા ડેરી સર્કલ તરફ જઈ શકશે નહીં.	
૫	તુલસીધામ ચાર રસ્તાથી શ્રેયસ સ્કુલ ત્રણ રસ્તા થઈ લાલબાગ બ્રિજ તરફ જઇ શકશે નહીં.	
૬	શ્રેયસ સ્કુલ ત્રણ રસ્તાથી લાલબાગ બ્રિજ તરફ જઈ શકશે નહીં.	
૭	તરસાલી બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં.	
૮	કપુરાઇ બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં.	
૯	વાઘોડીયા બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં	
૧૦	આજવા બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં	
૧૧	દરજીપુરા બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે	
૧૨	ગોલ્ડન બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં.	
૧૩	દેણા બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં.	
૧૪	દુમાડ બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશી શકશે નહીં.	
૧૫	ફતેગંજ સર્કલથી કાલાઘોડા સર્કલ તરફ જઈ શકાશે નહીં	
૧૬	કાલાઘોડા સર્કલથી જેલ રોડ તેમજ કોઠી ચાર રસ્તા તરફ જઈ શકાશે નહીં	
૧૭	અટલાદરા, BAPS સર્કલથી તેમજ કલાલી બ્રિજ ઉપરથી ખિસકોલી સર્કલ તરફ જઈ શકાશે નહીં	
૧૮	અક્ષરચોક સર્કલથી મુજમહુડા સર્કલ તરફ જઈ શકશે નહીં	
૧૯	મુજમહુડા સર્કલથી વિશ્વામિત્રી બ્રિજ થઇ, કિર્તિસ્થંભ તરફ જઇ શકશે નહીં	

નોંધ:- શહેરના અન્ય રાજમાર્ગો ઉપર કે અન્ય રસ્તાઓથી ભારદારી વાહનો, એસ.ટી. બસો શહેરમાં પ્રવેશ કરી શકશે નહીં.

શહેરી વિટકોસ બસો માટે

(તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૧/૧૦/૨૦૨૫ ના કલાક ૨૦:૦૦ થી નવરાત્રી મહોત્સવ પૂર્ણ ન થાય ત્યાં સુધી વડોદરા શહેરની શહેરી વિટકોસ બસો, રાવપુરા રોડ, માંડવી દરવાજા, નાની શાકમાર્કેટ રોડનો ઉપયોગ કરી શકશે નહીં).

ઉપરોકત જાહેરનામામાંથી ઈમરજન્સી સર્વિસના વાહનો એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ તેમજ પોલીસના વાહનોને મુકિત રહેશે.

મે આજ રોજ તા. ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી કરી સિકકો કરેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (એન), ૩૬ (ઈ) (એ), ૩૮, તથા ૩૩(૬) અન્વયે.

ક્રમાંક:જી/સીપી/વિ.શા/ધ્વનિ નવરાત્રી જાહેરનામું/૫૮૦૭/૨૦૨૫.–પોલીસ કમિશનર, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં વર્ષ-૨૦૨૫ના નવરાત્રિના તહેવાર દરમ્યાન ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (એન), ૩૬ (ઈ) (એ), ૩૮, હેઠળ મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમાર (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર વડોદરા શહેર આથી ફરમાવુ છુ કે, નીચે જણાવેલ વિસ્તારમા તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૦૨/૧૦/૨૦૨૫ સુધી નવરાત્રીના ૦૯ દિવસ તથા દશેરાનો ૦૧ દિવસ દરમિયાન રાત્રીના ક.૧૦/૦૦ થી ક.૧૨/૦૦ વાગ્યા સુધી રાસ ગરબા કે અન્ય કોઈ પણ કાર્યક્રમમા માઈક સિસ્ટમ/લાઉડ સ્પીકર/પબ્લીક એડ્રેસ સિસ્ટમ નો ઉપયોગ કરી શકશે. રાત્રીના ક.૧૨/૦૦ પછી માઈક સિસ્ટમ/ પબ્લીક એડ્રેસ/તથા લાઉડ સ્પીકર વગાડી શકશે નહી, માઈક સિસ્ટમ/લાઉડ સ્પીકર/પબ્લીક એડ્રેસ સિસ્ટમ ઉપયોગ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની કલમ ૫(૨)(૩) ની જોગવાઈઓને આધિન તથા વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત સરકારના પત્ર ક્રમાંક:- ઈએનવી-૧૦-૨૦૧૬-૧૩૩-ટી સેલ-III તા.૨૫/૦૯/૨૦૨૩ની જોગવાઈ મુજબ અત્રેની પોલીસ કમિશનરશ્રીની કચેરી વડોદરા શહેરના જાહેરનામા ક્રમાંક:જી/સીપી/વિ.શા/ધ્વનિ પ્રદુષણ જાહેરનામું/૫૪૯૭/૨૦૨૫ તા.૦૬/૦૯/૨૦૨૫ મુજબ રાત્રીના ક.૧૨/૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે.

અમલવારીનો સમય

વડોદરા શહેર પોલીસ કમિશનરેટમાં વિસ્તારમાં તા.૨૨/૦૯/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૨/૧૦/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં.

પ્રતિબંધિત કૃત્ય

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૧,૧૩૪,૧૩૫,૧૩૬ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૧,૧૩૪,૧૩૫,૧૩૬ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:-૨૧/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

નરસિમ્હા કોમાર,
પોલીસ કમિશનર,
વડોદરા (શહેર).

-: જાહેરનામુ :-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે. -:

ક્રમાંક:એસ.બી./નવરાત્રી ઉત્સવ મુર્તિ વિસર્જન /૧૮૮/૨૦૨૫.–ચાલુ વર્ષે નવરાત્રી મહોત્સવ નિમિતે તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ શ્રી દુર્ગા માતાજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. અને મા દુર્ગાની મુર્તિઓના વિસર્જન તા.૦૨/૧૦/૨૦૨૫ ના રોજ થનાર છે. સ્થાપના થયા તારીખથી વિસર્જનની તારીખના દિવસો દરમ્યાન સમગ્ર શહેરમાં નવરાત્રી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ ઉત્સવ દરમ્યાન લોકો મા દુર્ગાની મુર્તિની સ્થાપના કરી નવ દિવસ સુધી પુજા અર્ચના કરી બાદ માં દુર્ગાની મુર્તિઓનુ વિસર્જન શહેરના તાપી નદીના જુદા-જુદા ઓવારા ખાતે કરતા હોય છે. તે દરમ્યાન પર્યાવરણની જાળવણી થાય જળ સ્ત્રોતોમાં પ્રદૂષણ અટકે જળ સુષ્ટી પર વિપરીત અસર ન થાય અને જાહેર જનતામાં આરોગ્યને હાની ન પહોંચે તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેંન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા તેમજ ઉચ્ચ ન્યાયાલય દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઇડલાઇન ને ધ્યાને લઇ માં દુર્ગાની મુર્તિઓના વિસર્જન માટે સુરત શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વીકાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સુરત શહેરની જનતાની શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

-:: હુ ક મ ::-

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) શ્રી દુર્ગા માતાજીની માટીની મુર્તિઓ બેઠક સહીતની "૪" ફૂટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગો ઉપર પરીવહન કરવા ઉપર.

(૨) શ્રી દુર્ગા માતાજીની પી.ઓ.પી.ની મુર્તિઓ બનાવવા, વેંચવા, સ્થાપના કરવા, તથા જાહેર માર્ગો ઉપર પરીવહન કરવા ઉપર.

(૩) S.M.C. દ્વારા શ્રી દુર્ગા માતાજીની મુર્તિઓના વિસર્જન માટે નિયત કરવામાં આવનાર સ્વીકાર કેન્દ્રો સિવાયના અન્ય કુદરતી સ્થળે મુર્તિઓના વિસર્જન કરવા ઉપર.

(૪) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યાની આજુબાજુ કોઇ પ્રકારની ગંદકી કરવા કે કોઇ પણ પ્રકારની મુર્તિ રોડ ઉપર જાહેરમાં ખૂલ્લી રાખવા ઉપર.

(૫) શ્રી દુર્ગા માતાજીની માટીની મુર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વધેલી તથા ખંડીત મુર્તિઓને બિન-વારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઇ પણ ધર્મના લોકોની લાગની દુભાય એવા કોઇ ચિંન્હો,કે નિશાનીવાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા, તથા વેચવા ઉપર.

(૭) શ્રી દુર્ગા માતાજીની મુર્તિઓના વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર

(૮) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

(૯) મુર્તિઓની બનાવટમાં પાણીમા સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર

(૧૦) કોઇ પણ આયોજક/ વ્યક્તિ પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા કુદરતી જળ સ્ત્રોત જેવા કે, તળાવ કુવા, નદી, નહેર વગેરે જેવી જગ્યાએ મા દુર્ગાની મુર્તિઓનુ વિસર્જન કરી શકશે નહીં.

(૧૧) મુર્તિ વિસર્જન માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ/ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઠરાવેલ પદ્ધતિ સિવાયની કોઇ પણ પધ્ધતિથી મુર્તિ વિસર્જન કરી શકશે નહીં.

અધિક મુખ્ય સચિવ શ્રી વન અને પર્યાવરણ વિભાગ , ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓના પત્ર નંબર ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ તારીખ ૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવ, નહેરના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તારીખ ૦૯/૦૫/૨૦૧૩ ના હુકમ તથા નેશનલ ટ્રીબ્યુનલ સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તારીખ ૧૮/૦૮/૨૦૧૧ના હુકમ આધારે ઉપર મુજબના પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: પ્રતિબંધિત અમલવારીનો સમય તથા વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૨/૦૯/૨૦૨૫ ના કલાક.-૦૦/૦૦ થી તારીખ: ૦૨/૧૦/૨૦૨૫ ના કલાક.-૨૪/૦૦ આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :૧૯/૦૯/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ. :-

ક્રમાંકઃ એસ.બી/ PH HTAT પરીક્ષા/૧૮૯/૨૦૨૫.–રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓની ખાસ ભરતી અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી-૨૦૨૫ (PH HTAT) તા.૨૧/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના ક.૧૩/૦૦ થી ક.૧૫/૦૦ દરમિયાન સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું,

:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

(૫) પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં માઈક/લાઉડ સ્પીકર વગાડવુ નહીં.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

:: પરીક્ષા કેન્દ્રો ::

અ.નં	પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ)
	ઉમરા
૧	સર વી.ડી. ઠાકરશી ગર્લ્સ હાઈસ્કુલ, વનિતા વિશ્રામ, અઠવા ગેટ, સુરત

નોંધ :- સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કુલ- ૦૧ કેન્દ્ર છે.

:: સ્ટ્રોંગ રૂમ ::

અ.નં	સ્ટ્રોંગ રુમનું સરનામું
૧	ટી. એન્ડ ટી.વી. હાઈસ્કુલ, નાનપુરા, સુરત

:: અપવાદ ::

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૧/૦૯/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૨૧/૦૯/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશનર,
સુરત (શહેર).

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું. ::

ક્રમાંક:ફજદ/રોડ બંધ/ભારે વાહનો/વશી-૪૬૬૭ થી ૪૬૯૮/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પંચાયત (મા×મ) વિભાગ, આહવા, જિ.ડાંગના તા.૧૨/૦૯/૨૦૨૫ ના પત્ર નં.જપડ/કાઈ/પીબી/વશી/૧૦૫૨/૨૦૨૫થી તેઓના પેટા વિભાગ આહવા હસ્તકના ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ કિ.મી. ૧૦/૨ થી ૧૦/૪ (ધુડા ખાતે) માઈનોર બ્રીજ આવેલ છે. સરકારશ્રી દ્વારા નિમાયેલ માર્ગ અને મકાન (આલેખન વર્તુળ, ગાંધીનગરના) તાંત્રિક તજજ્ઞો દ્વારા સદર બ્રીજનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. તેમનાં દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ સદર બ્રીજ પુઅર કેટેગરીમાં જણાવેલ છે. તેથી સદર બ્રીજ નાનાં વાહનો માટે ચાલુ રાખવા તેમજ ભારે કોર્મશીયલ વાહનો માટે પ્રતિબંધિત કરવા જણાવેલ છે. જેથી સદરહું ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપરથી ભારે વાહનોના અવર જવર માટે ૬ (છ) માસના સમયગાળા માટે પ્રતિબંધિત કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ સદરહું ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

::વૈકલ્પિક માર્ગ::

વૈકલ્પિક રસ્તાનું નામ:- ધુડા હિંદળા થઈ પિપલાઈદેવી કુલ ૫.૫૦ કિ.મી. (પિપલાઈદેવી તરફ.)

::અપવાદ::

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.

(ક) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્ર/દૂધમંડળીનાં વાહનો.

(ખ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

::શિક્ષા::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૩/૦૯/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૨/૧૦/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત્ત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા.૧૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

શાલિની દુહાન, IAS,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું ::-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૭(૩) હેઠળનું. :-

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૩૭૫/૨૦૨૫.–મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ /રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૧૯/૦૯/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૦૩/૧૦/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ /વ્યક્તિઓને એકી સાથે કોઈ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઈ ફરમાવું છું.

-:: અનુસૂચિ ::-

" જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા,બાલાસિનોર,વિરપુર,સંતરામપુર,કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર"

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વંચાણે લીધા :-

(૧) પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ , ૧૯૮૬

(૨) ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧

-: જાહેરનામું :-

-:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(થ) હેઠળનું. ::-

નં.એમએજી/ડીજે/પ્રતિબંધ/જાહેરનામું/વશી.૧૩૭૮/૨૦૨૫.–ધાર્મિક તથા સામાજિક સમારોહો માટે સરઘસો અને રેલીઓ ભુતકાળમાં જ્યારે નિકળતી હતી ત્યારે સદરહુ રેલીઓ અને વરઘોડાઓ પ્રસંગને અનુરૂપ જે ગરીમા હોવી જોઈએ તે રીતે પ્રસંગ પ્રમાણે વાજીંત્ર અને લયબદ્ધ સંગીતની કર્ણપ્રિય ધુનો વાતાવરણને ભાવ અને લયના મૃદુ તરંગોથી તરબોળ કરી દેતી હતી. પરંતુ હવે જ્યારે જિલ્લાની જીવનશૈલી અને જીવનની ગુણવત્તાનું સ્તર ધ્વનિ, વાયુ અને ગીચતાના પ્રદુષણથી સંપુર્ણપણે ત્રસ્ત થયું છે, તે સંજોગોમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોની રૂઢિગત પ્રણાલીકા વિરૂદ્ધ આવા વરઘોડાઓમાં અમુક વર્ષોથી ધ્વનિની તિવ્રતાનો આંક વટાવી દઈ તમામ માપદંડોને તોડી નાખ્યા છે.આથી ઉપરોક્ત ધ્વનિ પ્રદુપણને અંકુશમાં લાવવા સારૂં અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટના નિર્દેશો તથા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ- ૧૯૮૬ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. સદર સરઘસો રેલીઓ અને વરઘોડા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તિવ્રતાથી મોટા કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત ગીતો સાથે રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં દર્દીઓના આરામમાં સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી/કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે.તેમજ માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બનેલા છે તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુપણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

દરેક માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોડી) સીસ્ટમધારકોએ અવાજના પ્રદુષણને અટકાવવા નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખત ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની નીચે મુજબની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

Ambient Air Quality Standard in respect of Noise

Area Code	Category of Area/Zone	Limits in dB(A) Leq*	
		Day Time	Night Time
(A)	Industrial Area	75	70
(B)	Commercial Area	65	55
(C)	Residential Area	55	45
(D)	Silence Zone	50	40

Note

1. Day Time shall mean from 6.00 a.m. to 10.00 p.m.
2. Night Time shall mean from 10.00 p.m. to 6.00 a.m.
3. Silence zone is defined as an area comprising not less than 100 metres around hospitals, educational institutions and courts. The silence zones are zones which are declared as such by the competent authority.
4. Mixed Categories of areas may be declared as one of the four above mentioned categories by the competent authority.

[dB (A) Leq denotes the time weighted average of the level of sound in decibels on scale A which is relatable to human hearing.

A "decibel" is a unit in which noise is measured.

"A" , in dB(A)Leq, denotes the frequency weighting in the measurement of noise and corresponds to frequency response characteristics of the human ear

Leq : It is an energy mean of the noise level, over a specific period.]

અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ /વાજિંત્રો રાતના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય. લગ્ન તથા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં નાચગાન કે ઘોંઘાટને કારણે ઝગડા તથા તકરારો ન થાય તેમજ ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લેવા તેમજ જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર - લુણાવાડા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(થ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ રિ શિ ષ્ટ :-

" મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

-: પ્ર તિ બં ધિ ત કૃ ત્યો :-

૧. સરકારી કચેરીઓ, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમમાં ઉપયોગ કરી શકાશે નહી.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવો. નાચગાન તથા ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરી શકાશે નહીં.

૪. ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ Ambient Air Quality Standard in respect of Noise અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાઓના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની પર્યાવરણ સંરક્ષણની જોગવાઈઓ મુજબ Ambient Air Quality Standard હોવું જોઈએ તે જોતાં ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે વગાડવા પર કાયમને માટે પ્રતિબંધ છે. પરંતુ નીચેની શરતોને આધીન અગાઉથી અધિકૃત પરવાનગીના આધારે ફકત માઈક સીસ્ટમને પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

૫. રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી શકાશે નહી.

માઈક અને ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

૧. ડી.જે સીસ્ટમના માલીક કે જે આ સીસ્ટમ ભાડે આપે છે તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાતપણે નોંધણી કરાવવાની રહેશે.

૨. માઈક સીસ્ટમ અને ડી.જે. વગાડવા માટે તેના માલીક/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, ૦૭ દિન પહેલાં મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચૂસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયેથી પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૩. વરઘોડો / રેલી, ધાર્મિક, રાજકીય કે સામાજિક શોભાયાત્રાઓના સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૪. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના અધિકાર ક્ષેત્રની જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/ વાજિંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, તેમજ અવાજનું પ્રદુપણ ફેલાવી શકાશે નહી.

૫. આવી પરવાનગી માટેની અરજી લેખિતમાં હોવી જોઈએ તેમજ તેના ઉપર ઉપયોગ કરનાર વ્યક્તિની સહી હોવી જોઈએ.

૬. આવી પરવાનગીની અરજી તેના ઉપયોગ કરવાના હોય તે દિવસથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર તથા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ પરના અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાનાધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા પત્રક પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમન અને પ્રતિબંધ) નિયમો, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજિંત્રો રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે માઈક સીસ્ટમ/વાજિંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ પરવાનેધારકોએ આ સમય દરમ્યાન માઈક સીસ્ટમ /વાજિંત્ર વગાડવા ઉપયોગ કરી શકશે નહી. જે સુચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. કોઈ પણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનું હવામાનમાં પ્રમાણ ઉપરોકત પત્રકમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. આ માત્રાનો ભંગ ન થાય તેની પરવાનેદારે/પરવાનગી લેનારે તકેદારી રાખવાની

રહેશે.

૧૧. મંદિરો, ચર્ચ, મસ્જિદોમાં માઈક સીસ્ટમ/વાજિંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૨. ગતિમાન વાહનમાં કોઈ પણ માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈ પણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહી.

૧૩. માઈક સીસ્ટમ/વાજિંત્રના ઉપયોગથી આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય કે નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈ પણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજિંત્ર વાપરવા પર મનાઈ ફરમાવતો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજિંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામાના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને ગુનો નોંધી, માલીક, ભાગીદાર, મેનેજર, સંચાલકની ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુન્હાના મુદામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક થી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારી/કર્મચારીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આગામી તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૨૧/૧૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

સી. વી. લટા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું. ::

(૫) પેટા કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના આદેશોનું પાલન ન કર્યું હોય.

(૨) પેટા કલમ (૧)ના ખંડ (એ) અથવા (સી)ના પેટા ખંડ (૪) માં દર્શાવવામાં આવેલા કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો ત્યારે, તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીને મોકલવી જોઈએ. તેમાં હુકમ કાઢયાની તારીખથી એક મહિનાની અંદર રજીસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવા મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કાંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી રજીસ્ટ્રારે વચગાળાનો હુકમ રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

આમ ઉપરોકત પ્રસ્તાવનાની વિગતોને જોતાં વંચાણે લીધા આમુખ-૩ થી ૬ ની વિગતોની ધ્યાને લઈ મંડળી તેના નોંધણીના ઉદેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. તથા મંડળીના હોદેદારોને સદર મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. મંડળી તેના ઉદેશો મુજબની પ્રવૃતિઓ કરતી બંધ થયેલ હોય, તેમજ મંડળીએ લેખિત રજુઆત મુજબ સંમતી આપેલ હોય, આવા સંજોગોમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈઓને ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ જવા નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

અંતિમ આદેશ

આથી હું ડી.એમ પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ નવસારી, વંચાણે લીધેલ આમુખઃ-૧ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓને આધિન તથા આમુખના વંચાણે લીધેલ આમુખઃ-૨ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ગણેશ વિભાગ મજૂર અને કામદારોની સહકારી મંડળી લી.મુ.વાઘાબારી, તા.વાંસદા, જિ.નવસારી કે જે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં.ઉ-૧૫૨૧૦, તા.૨૦/૧૦/૨૦૧૨ થી નોંધાયેલ મજુર કામદાર મંડળી છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છું.

નવસારી, તા.૧લી ઓકટોબર ૨૦૨૫

ડી.એમ પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ નવસારી

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

BHA/GH/25791/2025 DT.10/07/25 મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.જી.પં ભરૂચ આથી જાહેર કરે કે સુચિત '' નીલકંઠ પાર્ક (કોસમડી) કો.ઓ. હા.સો.લી કોસમડી'' સર્વેનં.૪૬૦ પૈકી ૧ મર્યાદિત સ્થળ કોસમડી તા.અંકલેશ્વર જિ.ભરૂચ.

સને ૧૯૬૨નો ગુજરાત નો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) (અ) અન્વયે નોંધવામાં આવી છે.

ભરૂચ તા.૦૬/૧૦/૨૦૨૫

નંબર:BHA/GH/25792/2025 મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.જી.પં ભરૂચ આથી જાહેર કરે કે સુચિત અપુર્વા કો.ઓ.હા.સો.લી. હલદરવા સર્વે નં:-૧૨૦,૧૨૧ મર્યાદિત સ્થળ હલદરવા તા.જિ.ભરૂચ.

સને ૧૯૬૨ નો ગુજરાત નો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) (અ) અન્વયે નોંધવામાં આવી છે.

ભરૂચ તા.૦૬/૧૦/૨૦૨૫

નંબર:BHA/GH/25793/2025 મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.જી.પં ભરૂચ આથી જાહેર કરે કે સુચિત અંજનેય કો.ઓ.હા.સો.લી. હલદરવા સર્વે નં:-૯૭ મર્યાદિત સ્થળ હલદરવા તા.જિ.ભરૂચ.

સને ૧૯૬૨ નો ગુજરાત નો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) (અ) અન્વયે નોંધવામાં આવી છે.

ભરૂચ તા.૦૬/૧૦/૨૦૨૫

નંબર:BHA/GH/25794/2025 મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.જી.પં ભરૂચ આથી જાહેર કરે કે સુચિત સાંઈ લક્ષ્મી કો.ઓ.હા.સો. લી. કાપોદરા સર્વે નં.૯૦ તા.અંકલેશ્વર જિ.ભરૂચ.

સને ૧૯૬૨ નો ગુજરાત નો કાયદો ૧૦) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ (૧) (અ) અન્વયે નોંધવામાં આવી છે.
ભરૂચ તા.૦૬/૧૦/૨૦૨૫

(સહી) અવાચ્ય
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર(સ.મં.)
જિલ્લા પંચાયત ભરૂચ

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાં :–

(૧) પ્રમાણિત ઓડીટર શ્રી આર.સી.પાટણવાડીયા ભરૂચ પેનલનં- BHA/GDC&A/1 ની મંડળીને ફડચામાં લઈ જવા બાબતની દરખાસ્ત તથા તા-૦૧/૦૪/૨૦૨૪ થી તા-૩૧/૦૩/૨૦૨૫ ની ઓડીટ નોંધ

(૨) અત્રેની કચેરીના તા: ૧૧/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ ઘ-૨/૧૩૩/૨૦૨૫ થી મંડળીને પાઠવેલ કારણદર્શક નોટીશ

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ ૧૦૮ ની જોગવાઈઓ

(૪) ગુજરાત સહકારશ્રીનુ તા.૨૧/૦૭/૨૦૧૧નુ ક્રમાંક : જીએચકે એચ/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/ચ/સત્તા સોંપણી અંગેનું જાહેરનામુ

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ઘ-૨/૧૩૭/૮૭૪/૨૦૨૫ રસોલ કો.ઓ. હાઉસીગ સોસાયટી લી, જીઆઈડીસી અંકલેશ્વર, તા-અંકલેશ્વર જિ-ભરૂચ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધણી-નંબર- ''ઘ''-૨૫૪૧૫, તારીખ.૨૮/૦૪/૨૦૨૨ થી નોંધાયેલ હાઉસીંગ સર્વિસ સહકારી મંડળી છે. સદર મંડળીને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭(૧), (ગ), (૨) હેઠળ ફડચામાં લઈ જવા માટે શ્રી આર.સી.પાટણવડીયા, પ્રમાણિત અન્વેષક ભરૂચ. પેનલ નં- BHA/GDC&A/1 દ્વારા આમુખ-૧ થી વંચાણે લીધેલ ઓડીટરશ્રીએ કરેલ રજુઆત અત્રેની કચેરીને મોકલવામાં આવેલ છે. જે સબબ અત્રેની કચેરીના આમુખ-૨, થી વંચાણે લીધેલ કારણદર્શક નોટીશ મંડળીને રૂબરૂ પાઠવી તેમાં જણાવેલ કારણો સબબ દિન-૧૫માં લેખીત/મૌખિક/રૂબરૂ રજુઆત કરવા જણાવેલ. મંડળીના પ્રમુખશ્રી અને માનદમંત્રીશ્રી તા-૧૭/૦૯/૨૦૨૫ ના રોજ રૂબરૂ હાજર થઈ મંડળીને ફડચામા લઈ જવા નિવેદન આપેલ છે. ઓડીટરશ્રીના જણાવ્યા મુજબ સદર મંડળી સ્થગિત અવસ્થામાં છે, સભાસદો કે સંચાલકોને મંડળી ચલાવવામાં કોઈ રસ નથી, સહકારી કાયદાની કલમ-૦૮, કલમ-૭૭ કલમ-૮૫ અને પેટાકાયદા મુજબની કામગીરી કરેલ નથી.

આમ ઉપરોકત વિગતો ધ્યાને લઈ મંડળીને ફડચામાં લઈ મંડળીને ફડચામાં લઈ જવાનુ યોગ્ય લાગતા નીચે મુજબ વચગાળાનો આદેશ કરવામાં આવે છે.

વચગાળાનો આદેશ

હું એફ.એફ.સાબુવાલા ઈ.ચા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભરૂચ. આમુખ-૩ થી મને મળેલ સત્તાની રૂએ રસોલ કો.ઓ.હાઉસીગ સોસાયટી લી, જીઆઈડીસી અંકલેશ્વર, તા-અંકલેશ્વર જિ-ભરૂચની આમુખ-૪ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરુ છુ, અને સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રીમતી બી.આર. પટેલ, ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ (૧), ભરૂચની નિમણુંક કરુ છુ. આ વચગાળાના હુકમ સામે મંડળીને જે કોઈ રજુઆત કે ખુલાસો કરવો હોય તે આદેશની તારીખથી એક માસમાં આપેલ મુદતમાં લેખિત કે મૌખિક આધાર પુરાવા સાથે અત્રેની કચેરીને કરવા જણાવવામાં આવે છે.

ભરૂચ તા.૨૦/૦૯/૨૦૨૫

એફ.એફ.સાબુવાલા
ઈ.ચા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ભરૂચ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી આર.એન. રિસાલદાર ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ નડીયાદ દ્વારા તા.૨૬/૦૫/૨૦૨૫ થી ધી કંજોડા સેવા સહકારી મંડળી લી.કંજોડા તા.નડીયાદ જી.ખેડાનો સહકારી કાયદાની કલમ-૮૧ નો ખાસ અહેવાલ

(૨) અત્રેની કચેરીની નોધણી શાખાના પત્ર ક્રમાંક:નધણ/૦૧/ખ-૨/ ૧૧૭/૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫ સાથે સામેલ થઈ આવેલ અહેવાલ તેમજ સાધનીક કાગળો.

(૩) કચેરી દ્વારા મંડળીના કાર્યવાહકોને આપવામાં આવેલ કારણદર્શક નોટીશ: સકક/૦૧/ખ-૧/૫૫/૨૦૨૫, તા.૬/૬/૨૦૨૫

(૪) અત્રેની કચેરીએ તા.૧૬/૬/૨૦૨૫ ના રોજ રાખેલ સુનાવણી તેમજ તા.૧૮/૬/૨૦૨૫ ના પત્રથી મંડળીના વ્ય.ક.સભ્યોએ નોટીશ વંચાણે લીધેલ હોવા અંગેની જાણ કરતો પત્ર

(૫) કચેરી દ્વારા મંડળીના કાર્યવાહકોને સ.કા.ક-૮૧ ની કારણદર્શક નોટીશ અન્વયે ન્યાયના હિતમાં આપેલ આખરી તક સકક/૦૧/ખ-૧/૧૨૦/૨૦૨૫ તા.૨૯/૦૮/૨૦૨૫

(૬) અત્રેની કચેરીએ તા.૧૧/૯/૨૦૨૫ ના રોજ મંડળીના સેક્રેટરી/ હીશાબનીશ દ્વારા કેડીસીસી બેંકમાં મંડળીના ખાતામાં ભરેલ રકમ અંગે આધાર-પુરાવા

(૭) ધી.ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૮૧ ની જોગવાઈઓ

(૮) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક:જી.એચ.કે. એચ/૫૪/૨૦૦૫/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ તા.૨૧/૭/૧૧ થી મળેલ અધિકાર

પ્રસ્તાવના

FileNo: DRCSND/ GEN/ e-file/ 4156/2025/0394/Legal

ધી. કંજોડા સેવા સહકારી મંડળી લી.મુ.કંજોડા તા.નડીયાદ જી.ખેડાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૯ હેઠળ નોધાયેલી સેવા સહકારી મંડળી છે. મંડળીએ તેનો વહીવટ સહકારી કાયદા-કાનૂન સહકાર ખાતાની વખતોવખતની સ્થાયી સૂચનાઓ અને મંડળીના મુંજર પેટા નિયમોને આધીન ચલાવવાનો રહે છે. સદર મંડળીનું શ્રી. આર.એન.રિસાલદાર ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ નડીયાદ દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીનું સહકારી કાયદાની

કલમ-૮૪(૫)(ક) મુજબ ખાસ ઓડીટ કરવામાં આવેલ છે. ખાસ ઓડીટ દરમ્યાન જણાઈ આવેલ ક્ષતિઓ અંગે સહકારી કાયદાની કલમ-૮૬ નો અહેવાલ કરેલ છે. જે અત્રેની કચેરીની નોંધણી શાખામાં જરૂરી નોંધણી કરી જા.નં.નધણ/૦૧/ખ-૨/૧૧૭/૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫ થી ખાસ અહેવાલ મોકલી આપી ખાસ અહેવાલ અંગેની કાર્યવાહી થવા તમામ સાધનીક કાગળો સાથે અહેવાલ અસલમાં તબદીલ કરેલ છે. મંડળીમાં વહીવટી નાણાંકીય અનિયમિતતાના કારણોસર સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયેનો ખાસ અહેવાલ નીચેના મુદ્દાઓ અંગે રજુ કરેલ છે.

(A) સ્ટોક તથા સીલકની ઉચાપતનો ખાસ અહેવાલ :- જેની ટુંકી વિગતો નીચે મુજબ છે

તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪ ની બંધ માલ સ્ટોક ની યાદી મુજબ:-

{અ}

{૧} અરિહંત પાવર ખાતર ૨૯ બેગ ₹.૧૭૪૦૦/-

{૨} યુરિયા-૪૫ Kg. ૨૩૦૭ બેગ ₹.૬૧૪૮૧૫/-

{૩} યુરિયા નવો સ્ટોક ૧૦૨૯ બેગ ₹. ૨૭૪૧૯૦/-

{૪} સિંઘમ એન.પી.કે.ખાતર ૯૩ બેગ ₹.૫૫૮૦૦/-એમ કુલ ₹ ૯,૬૨,૨૦૫/-

ની કાયમી સ્ટોક ઉચાપત થયેલ છે. વધુમા આ સ્ટોક હતો કે કેમ? અને ત્યારબાદ પણ કોઈ વેચાણ થયેલ જણાયેલ નથી. તેમ છતાં આજે પણ ઉપર મુજબ નો સ્ટોક મંડળી ના કબજામાં નથી. આ સ્ટોક તેઓનું રેકર્ડ પૂર્ણ પણે લખાયેલ ન હોઈ કયો સ્ટોક કેટલો રહેલ છે કે કેમ? તે ચોકકસ કહી શકાય તેમ નથી અને હાલ માં પણ આ સ્ટોક તેઓના કબજા માં નથી. તેમ લેખતિ જણાવેલ છે. આમ ઉપર મુજબ ના સ્ટોકમાં ગેરરીતિ કે આ સ્ટોક સગેવગે કરેલ હોવાનું ફલતિ થાય છે. જેથી આ બાબતે અલગ થી ઉચાપત અંગેનો ખાસ એહવાલ કરવા માં આવેલ છે.

{બ} તા.૩૧/૦૩/૨૦૨૨ ના ઓડટિ સમયે રજૂ કરેલ બંધમાલ સ્ટોકની યાદી માં યુરિયા ખાતર ૭૨૩ બેગ દર્શાવેલ છે, તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ દરમ્યાન યુરિયા ખાતર નો વેચાણ થયેલ નથી તેમ છતાં તા.૩૧/૦૩/૨૦૨૩ ના અંતે બંધ માલસ્ટોકની યાદી માં ફકત પાંચ બેગનું યુરયિાનો બંધ માલસ્ટોક દર્શાવેલ છે આમ ૭૧૮ બેગ યુરિયા વગર વેચાણે કપાત કરેલ છે જેથી ૭૧૮ બેગ યુરિયાની ઉચાપત થયેલ હોવાનું ફલિત થાય છે આમ મંડળી ને ૭૧૮×૨૬૬.૫૦ = ₹૧૯૧૩૪૭/- નું નુકસાન થયેલ છે જે સબબ ઉચાપત સબબ પાન નંબર ૧ થી ૧૩માં અલગ થી અહેવાલ કરવામાં આવેલ છે.

{ક}

(૧) તા.૦૬/૧૦/૨૦૨૦ રો.પા.નંબર-૧૪૭ માં જણાવ્યા મુજબ ચોખા એ.પી.એલ. ૧૧૮/૫૦૦ Kg. રૂ.૩/- ના ભાવે વેચાણ કરેલ છે જયારે સ્ટોક પત્રકમાં પાનાં નંબર ૧૨૨ ઉપર ૬૧૮/૫૦૦ Kg. કપાત કરેલ છે. આમ ૫૦૦ Kg. ની વધુ કપાત કરી કૂલ રૂ.૧૫૦૦/- નું મંડળીને નુકસાન કરેલ છે

(૨) તા.૧૮/૧૦/૨૦૨૦ માં રોજમેળ પાનાં નંબર-૧૫૦ માં જણાવ્યા મુજબ ઘઉ એ.પી.એલ. ૭૦ Kg. રૂ.૨/- ના ભાવના વેચાણ દર્શાવેલ છે જયારે સ્ટોક કપાત ૭૭૦ Kg. સ્ટોક પાનાં નંબર-૧૨૧ પર કરેલ છે, આમ ૭૦૦ Kg. ઘઉ એ.પી.એલ. ની વધુ કપાત કરી રૂ.૧૪૦૦/- નું મંડળીને નુકસાન કરેલ છે.

(૩) તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ સ્ટોક પત્રક પાનાં નંબર-૧૩૫ ઉપર મોરસ ૧૦૫ Kg. રૂ.૧૫/- ના ભાવ નો સ્ટોક કપાત કરેલ છે, જે દિવસે કે તેની આસપાસ રોજમેળે ૧૦૫ Kg. ના રૂ.૧૫૭૫/- રોજમેળે વકરો જમા લીધેલ નથી. આમ વગર વેચાણે સ્ટોક કપાત કરી મંડળીને રૂ.૧૫૭૫/- નું નુકસાન કરેલ છે.

આમ ₹ ૪૪૭૫/- ની સ્ટોક ઉચાપત થયેલ છે.

{ડ}

મંડળીએ નીચે જણાવ્યા મુજબ વગર વેચાણે સ્ટોક કપાત કરેલ છે.

(૧) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૭ ઉપર મોરસ રૂ.૨૨/- ના ભાવ ની ૩૬૯/૨૦૦ Kg. કુલ કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ.૭૩૮૪/- રોજમેળે જમા લીધેલ નથી.

(૨) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૧૯ ઉપર ઘઉ રૂ.૨/- ના ભાવ ના ૮૦૭૪ Kg. સ્ટોક કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ.૧૬૧૪૮/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૩) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૪૩ ઉપર ચોખા રૂ.૩/- ના ભાવ ના ૩૪૬૦/૫૦૦ Kg. સ્ટોક કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ.૧૦૩૮૧/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૪) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૧૧૧ ઉપર તુવેર દાળ રૂ. ૭૧/- ના ભાવ ના ૨૨૦ Kg. સ્ટોક કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ.૧૫૬૨૦/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૫) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૧૧૩ ઉપર કપાસ તેલ રૂ.૧૦૫/- ના ભાવ ના ૪૦૫ Kg. સ્ટોક કપાત કરેલ છે, જે વેચાણ રકમ રૂ.૩૭૬૬૫/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૬) તા ૧૪/૧૧/૨૦૨૧ સ્ટોક પાનાં નંબર-૧૧૭ ઉપર તુવેર દાળ રૂ.૬૧/- ના ભાવ ના ૫૬ Kg. તથા તા. ૧૫/૧૧/૨૦૨૧ માં ૭ Kg. મળી કૂલ ૬૩ Kg. સ્ટોક કપાત કરેલ છે. જેનુ કુલ વેચાણ રકમ રૂ.૩૮૪૩/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

સમરી:-

(અ) ₹ ૯,૬૨,૨૦૫/- ની સ્ટોક ઉચાપત

(બ) ₹ ૧૯૧૩૪૭/- ના સ્ટોક ની ઉચાપત

(ક) ₹ ૪૪૭૫/- ની સ્ટોક ઉચાપત

(ડ) ₹ ૯૧,૦૪૧/- ની સ્ટોક ઉચાપત આમ કુલ ₹૧૨,૪૯,૦૬૮/- ની કાયમી સ્ટોકની ઉચાપત થયેલ છે.

(B) કલમ-૮૬ ને લગતો ખાસ અહેવાલમાં જણાયેલ ક્ષતિઓની વિગતો નીચે મુજબ છે.

મુદ્દા નં -૦૧: (૧) ધી કંજોડા સેવા સહકારી મંડળી લી. મુ..કંજોડા તા નડિયાદ જિલ્લો ખેડા માં મંડળી દ્વારા સભાસદ ખેડૂતો ને ખેતી માટે રાસાયણિક ખાતર વિતરણ કરવામાં આવે છે. પરંતુ હાલમાં વિતરણ કરવામાં આવતું નથી.

મુદ્દા નં -૦૨ અન્વયે જણાઓ ક્ષતિએલ અને તે સંબંધે અમો ઓડિટર ના ધ્યાને નીચે મુજબની ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

રાસાયણીક ખાતરના વિતરણમાં ગેરરીતિ અંગે ઓડિટમાં જણાયેલ ક્ષતિઓ નીચે મુજબ છે.

{૦૧} મંડળીએ સને ૨૦૨૨/૨૦૨૩ માં

(અ) તા.૨૬/૦૭/૨૦૨૨ રોજમેળ પાન નં ૨૯૨,અરહિંત પ્રોમ ખાતર ૫૯-બેગ,રુ.૩૮૩૫૦/-તથા અરહિંત માઈક્રો ખાતર ૪૦-બેગ રૂ.૮૦૦૦/- બંને મળી કુલ રૂ.૪૬૩૫૦/-નું વેચાણ રોજમેળે જમા બતાવેલ છે, જેના કેશમેમો કે વેચાણસ્લીપો જોવા મળેલ નથી જેથી સદર ખાતર કોને વેચેલ છે સ્પષ્ટ થતું નથી.

(બ) તા.૨૯/૦૭/૨૦૨૨ રોજમેળ પાન નં ૨૯૩

-અરહિંત એન.પી.કે.ખાતર ૪૦-બેગ, રૂ.૨૬૦૦૦/-

-અરહિંત સેલ્ફેટ ૦૧-બેગ રૂ.૫૨૫/-

-આધાર જિંક ૦૫-બેગ રૂ.૮૭૫/-મળી કુલ રૂ.૨૭૪૦૦/-નું વેચાણ રોજમેળે જમા બતાવેલ છે.

{૦૨)

(અ) મંડળીએ સને ૨૦૨૨/૨૦૨૩/૨૦૨૪ માં તા.૧૮/૦૭/૨૦૨૨ રોજમેળ પાન નં ૨૯૦ ઋષી શકતી ખાતર-૧૮૮-બેગ રૂ.૧૧૨૮૦૦/- વેચાણ જમા લીધેલ છે.

(બ) -તા.૩૧/૦૭/૨૦૨૩ રો.પા.નં ૩૨૪ યુરીયા ૬૮ બેગ રૂ.૧૮૧૨૨/-

-તા.૩૧/૦૮/૨૦૨૩ રો.પા. નં ૩૨૬ યુરીયા ૫૨ બેગ રૂ.૧૫૩૪૦/-

-તા.૩૦/૦૯/૨૦૨૩ રો.પા. નં ૩૨૯ યુરીયા ૬૦ બેગ રૂ.૧૭૭૦૦/-

-તા.૨૩/૧૧/૨૦૨૩ રો.પા. નં ૩૩૩ યુરીયા ૫૨ - રૂ.૧૧૬૨/-

-તા.૩૧/૧૨/૨૦૨૩ રો.પા. નં ૩૩૬ યુરીયા ૫૨ ૩૦ બેગ રૂ.૮૮૫૦/-

-તા.૦૧/૦૧/૨૦૨૪ રો. પા. નં ૩૩૭ યુરીયા ૫૨ ૩૦ બેગ રૂ. ૭૯૯૫/-

આમ ઉપર મુજબ અનુ. નં. (૧} {૨} માં જણાવેલ રાસાયણીક ખાતરોનું વેચાણ જમા લીધેલ છે. પરંતુ કયા ભાવે કોને વેચાણ કરેલ છે. જેના આધારો/બિલો/કેસમેમો રજૂ કરેલ નથી. અમોએ આ બાબતે આપેલ હાફ માર્જિન (૨) તથા (૩) ના જવાબમાં તેઓએ તેમના રેકર્ડ ઉપર વેચાણ બિલો કે કેશમેમો તેમના રેકર્ડ ઉપર શોધખોળ છતાં મળી આવતા નથી, તેમ જણાવેલ છે.

આમ ખાતર કોને કેટલુ, કયાં, કેટલા ભાવે વેચાણ કરેલ છે તે સ્પષ્ટતા કરેલ નથી. આમ ખાતર વેચાણમાં ગેરરીતિ થયેલ છે. તે માની શકાય તેમ છે. તેમ છતાં, આ બાબતે ઉંડી તપાસ જરૂરી હોઈ, કલમ-૮૬ મુજબ ચોકસી માટે ભલામણ કરવામાં આવેલ.

વધુમાં નીચે જણાવ્યા મુજબના ખાતરોની તા.૩૧/૦૩/૨૦૨૪ ના બંધ માલસ્ટોકની યાદી જે તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪ ના ઓડિટમાં રજૂ કરેલ છે.

{૧} અરિહંત પાવર ખાતર ૨૯ બેગ રૂ. ૧૭૪૦૦/-

(૨) યુરિયા - ૪૫ Kg. ૨૩૦૭ બેગ રૂ. ૬૧૪૮૧૫/-

{૩} યુરિયા નવો સ્ટોક ૧૦૨૯ બેગ રૂ. ૨૭૪૧૯૦/-

{૪} સિંધમ એન. પી. કે. ખાતર ૯૩ બેગ રૂ. ૫૫૮૦૦/-

આ સ્ટોક હતો કે કેમ? અને ત્યારબાદ પણ કોઈ વેચાણ થયેલ જણાયેલ નથી. તેમ છતાં આજે પણ ઉપર મુજબનો સ્ટોક મંડળીના કબજામાં નથી. તે બાબતે હાફ માર્જિન -૩ (૨) માં સ્પષ્ટતા માંગતા તેઓએ હાફ માર્જિનના જવાબમાં આ સ્ટોક તેઓનું રેકર્ડ પૂર્ણ પણે લખાયેલ ન હોઈ કયો સ્ટોક કેટલો રહેલ છે કે કેમ? તે ચોકકસ કહી શકાય તેમ નથી અને હાલમાં પણ આ સ્ટોક તેઓના કબજામાં નથી. તેમ લેખતિ જણાવેલ છે. આમ ઉપર મુજબના સ્ટોકમાં ગેરરીતિ કે આ સ્ટોક સંગેવગે કરેલ હોવાનુ ફલિત થાય છે. જેથી આ બાબતે અલગથી ઉચાપત અંગેનો ખાસ એહવાલ કરવામાં આવેલ છે.

{૦૩} તા.૩૧/૦૩/૨૦૨૨ ના ઓડિટ સમયે રજૂ કરેલ બંધમાલ સ્ટોક ની યાદી માં યુરિયા ખાતર ૭૨૩ બેગ દર્શાવેલ છે. તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ દરમ્યાન યુરિયા ખાતરનું વેચાણ થયેલ નથી. તેમ છતાં તા.૩૧/૦૩/૨૦૨૩ ના અંતે બંધ માલસ્ટોકની કપાત યાદીમાં ફકત પાંચ બેગ યુરિયાનો બંધ માલસ્ટોક દર્શાવેલ છે. આમ ૭૧૮ બેગ યુરિયા વગર વેચાણે કપાત કરેલ છે. જેથી ૭૧૮ બેગ યુરિયાની ઉચાપત થયેલ હોવાનું ફલિત થાય છે. આમ મંડળીને ૭૧૮ X ૨૬૬.૫૦ = ૧૯૧૩૪૭/- નું નુકસાન થયેલ છે. જે સબબ ઓડીટ માર્ગદર્શિકા તથા વડી કચેરીના તા.૧/૩/૮૦ ના પરિપત્ર મુજબ ઉચાપત અન્વયે અલગથી અહેવાલ કરેલ છે.

વધુમાં મંડળી ફકત યુરિયા ખાતર નડિયાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ પાસેથી ખરીદે છે. જે ધ્યાને લઈ મંડળીના તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૪ દરમ્યાનના ઓડિટમાં રજૂ થયેલ સરવૈયા તથા સંઘ ખાતેથી મેળવેલ મંડળીના ખરીદ વેચાણના ખાતાનો ઉતારો જોતાં નીચે મુજબ તફાવત જોવા મળેલ છે.

<u>તા. ૩૧/૦૩/૨૦૨૧ અંતિત બાકી</u>

- નડિયાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ -રૂ.૮૦૮૩૫૮/૫૮
- મંડળી ના સરવૈયે સંઘને ચૂકવવાના બાકી -રૂ.૬૭૯૦૩૬/૦૮
- તફાવત -રૂ.૧૭૧૭૮૨/૫૦

<u>તા. ૩૧/૦૩/૨૦૨૨ અંતિત બાકી</u>

- નડિયાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ -રૂ.૮૫૦૮૧૮/૫૮
- મંડળી ના સરવૈયે સંઘને ચૂકવવાના બાકી -રૂ.૭૨૧૮૨૮/૦૮
- તફાવત -રૂ.૮૬૫૩૦/૫૦

<u>તા. ૩૧/૦૩/૨૦૨૩ અંતિત બાકી</u>

- નડિયાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ -રૂ.૯૦૭૩૪૧/૫૮
- મંડળી ના સરવૈયે સંઘને ચૂકવવાના બાકી -રૂ.૬૭૧૮૨૮/૦૮
- તફાવત -રૂ.૨૩૫૫૧૩/૫૦

<u>તા. ૩૧/૦૩/૨૦૨૪ અંતિત બાકી</u>

- નડિયાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ -રૂ.૯૦૭૦૦૯/૫૮
- મંડળી ના સરવૈયે સંઘને ચૂકવવાના બાકી -રૂ.૬૭૧૮૨૮/૦૮
- તફાવત -રૂ.૨૩૫૧૨૮/૫૦

આમ વર્ષ વાઈઝ તફાવત આ મુજબ છે

- ૨૦૨૦/૨૦૨૧ -રૂ.૧૭૧૭૮૨/૫૦
- ૨૦૨૧/૨૦૨૨ -રૂ.૮૬૫૩૦/૫૦
- ૨૦૨૨/૨૦૨૩ -રૂ.૨૩૫૫૧૩/૫૦
- ૨૦૨૩/૨૦૨૪ -રૂ.૨૩૫૧૮૧/૫૦

આમ, છેલ્લે તા.૩૧/૦૩/૨૦૨૪ના રોજ મંડળીએ રૂ.૨૩૫૧૮૧/૫૦ નડિયાદ તાલુકા ખરીદ વેચાણ સંઘને વધુ ચૂકવવાના થયા છે. જે બદલ અમોએ હાફ માર્જિન-૧૦ માં લેખતિમાં સપષ્ટતા

માંગતા સેક્રેટરીશ્રીએ હાફ માર્જિનના જવાબમાં મંડળીએ જે તે સમયે સંઘને ચૂકવવાના થતાં નાણાં સંઘને સમયસર ચૂકવેલ ન હોય સંઘે વ્યાજ ચડાવેલ છે અને આ બાબતે સંઘ તરફથી તેઓને સમયસર જાણ થતી ન હોઈ તથા સંઘનો માલ સ્ટોક વેચાણ થાય ત્યાર બાદ સંઘને નાણાં ચૂકવવામાં આવે છે. આમ, સંઘે ચૂકવવા બાકી નાણા પર વ્યાજ ચઢાવેલ હોઈ તફાવત રહેલ તેમ જણાવેલ છે.

મંડળીના સેક્રેટરીશ્રીનો આ જવાબ વ્યાજબી કહી શકાય નહીં. ધી નડિયાદ તાલુકા ખરીદ વેચાણ સંઘને નાણાં કોઈ અગમ્ય કારણોસર મંડળીએ જમા કરાવેલ નથી. જેના કારણે સંઘે વ્યાજ ઉમેરેલ છે અને તેથી રૂ.૨૩૫૧૮૧/૫૦ તફાવતના નાણાં સંઘને ચૂકવવાના રહે છે.

આમ, સંઘને રૂ. ૨૩૫૧૮૧/૫૦ નાણાં વધુ ચૂકવવા ના થાય તો તે થનાર નુકસાન બદલ જવાબદારી નક્કી કરવાની થાય છે. જે સબબ અલગ થી સહકારી કાયદાની કલમ-૮૬ અંગે અહેવાલ રજૂ કરેલ છે.

આમ, ઉપર મુજબ સુપ્રત થયેલ ખાસ ઓડટિ માં મુદ્દા નંબર-૧ મુજબ મંડળી એ રાસાયણિક ખાતર વેચાણમાં ગેરરીતિ આચરી, નાણાકીય ગેરરીતિ કરી તથા સ્ટોકની ઉચાપત કરેલ હોવાનું ફલિત થાય છે આમ મંડળીના સભાસદો તથા ગ્રામજનોને રાસાયણિક ખાતર મળતુ નથી. તેવી રજુઆતને સમર્થન મળે છે.

<u>મુદ્દા નંબર ૨</u> અન્વયે ઓડિટ સમય દરમ્યાન જણાયેલ ક્ષતિઓ

મંડળીના કંટ્રોલ માલ સસ્તા અનાજની વિતરણ ની કામગીરી માં જણાવેલ ક્ષતિઓ નીચે મુજબ છે

એપ્રિલ-૨૦૨૦ થી જૂન-૨૦૨૦ દરમિયાન કંટ્રોલ માલ સ્ટોક તમામ પ્રકારનો સ્ટોકપત્રક માં કપાત કરેલ છે પરંતુ આ સમય દરમ્યાન રોજમેળે વકરો જમા લીધેલ નથી (હાફ માર્જિન-૪(૧))

[૨] તા.૦૧/૧૨/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૪ કંટ્રોલ ઘઉં, ચોખા, એ.પી.એલ./બી.પી.એલ. મફત વિતરણ કરેલ છે આ અંગેના કોઈ ધારા ધોરણ કે નિયમો અંગે વ્યવસ્થાપક કમીટીમાં કોઈ પદ્ધતિ બાબતે ઉલ્લેખ નથી કે કોઈ ઠરાવ નથી જે અંગે કમીટી નિષ્કય જણાયેલ છે

ઉપર અનુ.નંબર-૧ અન્વયે ના જવાબમાં મંડળીએ કોરોનાકાળ ને કારણે મફત વિતરણ કરેલ હોવાનું જણાવેલ છે મંડળીના જણાવ્યા મુજબ કંટ્રોલ અનાજ ના જથ્થાનો બિલ-યાદીમાં મૂલ્યવાન કે વિનાંમૂલ્ય દર્શાવેલ હોવા થી વ્યવસ્થાપક કમીટીની જાણકારી કે ઠરાવની જરૂર નથી તેથી તે પ્રમાણે વિતરણ કરેલ નથી.

આમ, ઉપર મુજબ અનુ. નંબર-૧ તથા ૨ નો મંડળીનો જવાબ યોગ્ય ના કહી શકાય, મંડળી નોંધીએલ સંસ્થા છે અને ચૂંટાયેલી કમીટી દ્વારા કાર્યવાહી કરવાની થાય છે. ઉપર મુજબ કંટ્રોલ માલના વિતરણ અંગે જરૂરી નિયમો અંતર્ગત ધારા-ધોરણ તથા સરકાર ના વિતરણના નિયમો ધ્યાને લઈ કમીટીમા નિર્ણયો થઈ ઠરાવ થવા જોઈએ તેમ કરવામાં આવેલ નથી આમ કમીટી કાયદા તથા પેટા નિયમો દ્વારા સુપ્રત થયેલ જવાબદારી મુજબ કાર્યવાહી કરવામાં નિષ્ક્રિય રહેલ છે જે સબબ સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે અલગ થી અહવાલ કરેલ છે. જયારે સદર એપીએલ /બીપીએલ રેશન અનાજ સબંધે આ બાબતે ઉંડી તપાસ જરૂરી હોઈ, કલમ-૮૬ મુજબ ચોકસી માટે ભલામણ કરવામાં આવેલ.

{૩} મંડળીએ નીચે જણાવ્યા મુજબ

(અ) તા.૧૬/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી કંટ્રોલ માલ વકરો જમા લીધેલ છે સ્ટોક ની કપાત કરેલ છે પરંતુ કયો માલ કોને, કયા ભાવે વેચેલ છે તે જાણી શકાતું નથી, વસ્તુઓ ના ફકત નામ લખી ભેગો વકરો જમા લીધેલ છે (હાફ માર્જિન-૬(૨)).

હાફ માર્જિન-૬(૨) ના જવાબમાં સેક્રેટરી ના જણાવ્યા મુજબ આ સમય દરમ્યાન વેચાણ પત્રક નિભાવેલ નથી, કેશમેમો જડી આવતો નથી તેથી માહિતી આપી શકાય તેમ નથી ત્યાર બાદ થમ્બ પ્રિન્ટથી વિતરણ થયેલ હોઈ લેખિત માહિતી રાખેલ નથી.

(બ) તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૨૦/૦૬/૨૦૨૩ માં કંટ્રોલ માલ વકરો રોજમેળે જમા લીધેલ છે વસ્તુ જથ્થો કે ભાવ દર્શાવેલા નથી, વેચાણના કોઈ આધારો નથી સીધેસીધો વકરો જમા લીધેલ છે

મંડળીએ જણાવ્યા મુજબ ઉકત સમયે કૂલ વેચાણ કોમ્પ્યુટર આધારેલ દર્શાવેલ છે જેની વિગતો કોમ્પ્યુટર માં મળી શકે તેમ હોઈ વસ્તુનું કૂલ વેચાણ દર્શાવેલ છે, રોજમેળે દર્શાવેલ નથી તે શરતચૂક થયેલ છે અને દરગુજર કરવા જણાવેલ છે.

સેક્રેટરી એ ઉપર મુજબ અનુ. નંબર-૩ (અ) (બ) ના અનુસંધાને કરેલ જવાબ યોગ્ય નથી, રોજમેળ એ હિસાબોનો મુખ્ય દસ્તાવેજ છે અને રોજે રોજ ના હિસાબો તેમ વિગતવાર લખાય તે કાયદા અને નિયમો મુજબ જરૂરી છે વધુમાં રોજમેળમાં જવાબદારોના સહી સિકકા થાય વ્યવસ્થાપક કમિટીમાં દર માસે હિસાબો મંજૂર થાય તેમ કરવું જરૂરી છે, પરંતુ આ મુજબ ન કરી સેક્રેટરી તથા વ્યવસ્થાપક કમિટી એ તેઓની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી તેમને સોંપવામાં આવેલ ફરજો જે કાયદા અને નિયમો મુજબ ફરજ બજાવવામાં નષ્ફિળ રહેલ છે. જે હકીકત માલુમ પડે છે. આ બાબતે સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે અલગથી અહેવાલ કરેલ.

{૪} વધુમાં મંડળીએ નીચેના અનુક્રમમાં જણાવેલ વિગતે કંટ્રોલ માલના વિતરણ/વેચાણમાં ગંભીર ક્ષતિઓ જણાઈ આવેલ છે (હાફ માર્જિન-૪(૨)

(અ) મંડળીએ વર્ષ -૨૦૨૦-૨૧ માં નીચે મુજબ

(૧) તા.૦૬/૧૦/૨૦૨૦ રો.પા.નંબર-૧૪૭ માં જણાવ્યા મુજબ ચોખા એ.પી.એલ.૧૧૮/૫૦૦ kg. રૂ.૩/- ના ભાવે વેચાણ કરેલ છે જયારે સ્ટોક પત્રકમાં પાનાં નંબર ૧૨૨ ઉપર ૬૧૮/૫૦૦ Kg. કપાત કરેલ છે, આમ ૫૦૦ Kg. ની વધુ કપાત કરી કૂલ રૂ.૧૫૦૦/-નું મંડળીને નુકસાન કરેલ છે

(૨) તા. ૧૮/૧૦/૨૦૨૦ માં રોજમેળ પાનાં નંબર-૧૫૦ માં જણાવ્યા મુજબ ઘઉં એ.પી.એલ. ૭૦ Kg. રૂ.૨/- ના ભાવના વેચાણ દર્શાવેલ છે જયારે સ્ટોક કપાત ૭૭૦ Kg. સ્ટોક પાનાં નંબર-૧૨૧ પર કરેલ છે, આમ ૭૦૦ Kg. ઘઉં એ.પી.એલ. ની વધુ કપાત કરી રૂ.૧૪૦૦/- નું મંડળીને નુકસાન કરેલ છે.

(૩) તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ સ્ટોક પત્રક પાનાં નંબર-૧૩૫ ઉપર મોરસ ૧૦૫ Kg. રૂ.૧૫/- ના ભાવ નો સ્ટોક કપાત કરેલ છે, જે

દિવસે કે તેની આસપાસ રોજમેળે ૧૦૫ Kg. ના રૂ.૧૫૭૫/- રોજમેળે વકરો જમા લીધેલ નથી. આમ વગર વેચાણે સ્ટોક કપાત કરી મંડળીને રૂ.૧૫૭૫/- નું નુકસાન કરેલ છે.

ઉપર મુજબની ક્ષતિઓ સબબ અમોએ હાફ માર્જિન-૪(૨) થી ખુલાસો માંગતા સેકટરી શ્રી એ કરેલ જવાબ મુજબ કોરોના કાળના પ્રવાહ અને ઉતાવળે હિસાબો લખવામાં ભૂલ થયેલ હશે જેમાં તેઓનો કોઈ બદઈરાદો ન હતો, જે મેળવણું કરી હિસાબોમાં લેવા માં આવશે તેમ જણાવી દરગુજર કરવા વનિંતી કરેલ છે.

મંડળીનો આ ખૂલાસો ગ્રાહય રાખી શકાય તેમ નથી. હિસાબોની ભૂલ, ધ્યાને લીધેલ નથી કે કમિટીમાં આ બાબતે કોઈ ઠરાવ કરેલ નથી કે કમિટી એ વખતો વખત હિસાબો ચેક કરેલ નથી.

આમ ઉપર મુજબ ની ક્ષતિઓ સબબ સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે કમિટી ની નિષ્ક્રયતા સબબ તથા કંટ્રોલ માલ સ્ટોક કપાત માં ગેરરીતિ સબબ ઓડીટ માર્ગદર્શીકા તથા વડી કચેરીના તા. ૧/૩/૮૦ ના પરપિત્ર મુજબ ઉચાપત અન્વયે અલગ થી અહેવાલ કરેલ છે.

(બ) મંડળીએ નીચે જણાવ્યા મુજબ વગર વેચાણે સ્ટોક કપાત કરેલ છે (હાફ માર્જિન-૫)

(૧) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૭ ઉપર મોરસ રૂ.૨૨/- ના ભાવ ની ૩૬૯/૨૦૦ Kg. કુલ કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ.. ૭૩૮૪/- રોજમેળે જમા લીધેલ નથી.

(૨) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૧૯ ઉપર ઘઉ રૂ.૨/- ના ભાવ ના ૮૦૭૪ Kg. સ્ટોક કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ. ૧૬૧૪૮/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૩) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૪૩ ઉપર ચોખા રૂ. ૩/- ના ભાવ ના ૩૪૬૦/૫૦૦ Kg. સ્ટોક કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ. ૧૦૩૮૧/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૪) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૧૧૧ ઉપર તુવેર દાળ રૂ. ૭૧/- ના ભાવ ના ૨૨૦ Kg. સ્ટોક કપાત કરેલ છે, જેની વેચાણ રકમ રૂ. ૧૫૬૨૦/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૫) માહે ઓગષ્ટ/૨૦૨૧ માં સ્ટોક પાનાં નંબર-૧૧૩ ઉપર કપાસ તેલ રૂ.૧૦૫/- ના ભાવ ના ૪૦૫ Kg. સ્ટોક કપાત કરેલ છે, જે વેચાણ રકમ રૂ.૩૭૬૬૫/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

(૬) તા ૧૪/૧૧/૨૦૨૧ સ્ટોક પાનાં નંબર-૧૧૭ ઉપર તુવેર દાળ રૂ. ૬૧/- ના ભાવ ના ૫૬ Kg. તથા તા. ૧૫/૧૧/૨૦૨૧ માં ૭ Kg. મળી કૂલ ૬૩ Kg. સ્ટોક કપાત કરેલ છે, જેનુ કૂલ વેચાણ રકમ રૂ. ૩૮૪૩/- વકરો રોજમેળે જમા લીધેલ નથી.

આમ, ઉપર (બ) ૧ થી ૬ માં જણાવ્યા મુજબ આપેલ હાફ માર્જિન-૫(૧ થી ૬) ના જવાબ માં સેક્રેટરીએ જણાવ્યા મુજબ મંડળીનો વ્યવહાર ખરીદના ચલણ, વેચાણ વકરો જે તે સમયે બેંકમાં ભરવામાં આવે છે તેમજ જરૂર પડે બેંક મારફતે નગિમમાં ભરવામાં આવે છે, શરતચૂકથી રોજમેળે વકરો જમા લેવાનો રહી ગયેલ છે. જે ચકાસણી કરી જમા લેવાની ખાતરી આપેલ છે.

આમ ઉપર મુજબ મંડળીએ હાફ માર્જિન-૫(૧ થી ૬) નો જવાબ આપેલ છે તે ગાહ્ય રાખી શકાય તેમ નથી, શરતચૂકથી વગર વેચાણે સ્ટોક કપાત કરેલ છે જે આજદિન સુધી રોજમેળે જમા લીધેલ નથી, હિસાબો ચકાસવામાં આવેલ નથી કમિટી નિષ્ક્રિય રહેલ છે જે સબબ સહકારી કાયદાની કલમ-૮૧ અન્વયે તથા સ્ટોક કપાત માં ગંભીર ગેરરીતિ સબબ ઓડીટ માર્ગદર્શીકા તથા વડી કચેરીના તા.૧/૩/૮૦ ના પરપિત્ર મુજબ સહકારી કાયદાની ઉચાપત અંગે અલગથી અહેવાલ કરેલ છે આમ ઉપર મુજબ સુપ્રત થયેલ ખાસ ઓડિટ ના મુદા નુંબર-૨ માં જણાયેલ ક્ષતિઓ સબબ અલગ થી ખાસ અહેવાલો કરવામાં આવેલ છે મંડળીએ કંટ્રોલ માલ ના વેચાણમાં ગેરરીતિ આચરી નાણાકીય ગેરરીતિ કરી તથા સ્ટોકની ઉચાપત કરેલ હોવાનું ફલતિ થાય છે આમ મંડળીના સભાસદો તથા ગ્રામજનોને કંટ્રોલ અનાજ મળતું નથી/માલ સગેવગે કરવા અને ગેરરીતિ બાબત ની રજુઆતને સમર્થન મળે છે.

<u>અન્ય બાબતો/ક્ષતિઓ</u>

મંડળીના ખાસ ઓડિટ માં સપ્રરત થયેલ રાસાયણિક ખાતર તથા કંટ્રોલ માલ વિતરણ/વેચાણના બે મુદાઓની ચકાસણી દરમિયાન ઉપર જણાવેલ ક્ષતિઓ ઉપરાંત નીચે મુજબ તેને સંલગ્ન ક્ષતિઓ જણાઈ આવેલ છે

{૧}હાથ પરની સિલક બાબતે

મંડળીના ખાસ ઓડટિ દરમ્યાન નીચે મુજબ મર્યાદા કરતાં વધુ સિલકો હાથ પર રાખેલ છે.

<u>વર્ષ ૨૦૨૧-૨૦૨૨</u>

૧. એપ્રિલ/૨૦૨૧-	-
૨. મે/૨૦૨૧-	રૂ.૪૦૦૦૦/-
૩. જૂન/૨૦૨૧-	રૂ.૭૦૦૦૦/-
૪. જુલાઈ/૨૦૨૧-	રૂ.૮૦૦૦૦/-
૫. ઓગસ્ટ/૨૦૨૧	રૂ.૩૦૦૦૦/-
૬. સપ્ટેમ્બર/૨૦૨૧-	રૂ.૪૦૦૦૦/-

<u>વર્ષ ૨૦૨૨-૨૦૨૩</u>

૧. એપ્રિલ /૨૦૨૨ -	રૂ.૧૪૮૦૦૦/-
૨. મે/૨૦૨૨-	રૂ.૧૮૦૦૦૦/-
૩. જૂન/૨૦૨૨-	રૂ.૨૨૦૦૦૦/-
૪. જુલાઈ/૨૦૨૨-	રૂ.૨૮૦૦૦૦/-
૫. ઓગસ્ટ/૨૦૨૨	રૂ.૩૦૦૦૦૦/-
૬. સપ્ટેમ્બર/૨૦૨૨-	રૂ.૨૦૦૦૦૦/-
૭. ઓકટોબર/૨૦૨૨-	રૂ.૨૦૦૦૦૦/-
૮. નવેમ્બર/૨૦૨૨-	રૂ.૨૩૦૦૦૦/-
૯. ડિસેમ્બર/૨૦૨૨-	રૂ.૨૩૦૦૦૦/-
૧૦.જાન્યુઆરી/૨૦૨૩-	રૂ.૨૩૦૦૦૦/-
૧૧.ફેબ્રુઆરી/૨૦૨૩-	રૂ. ૨૩૦૦૦૦/-
૧૨. માર્ચ/૨૦૨૩-	રૂ.૭૦૦૦૦/-

કૂલઃ રૂ.૨૫૧૮૦૦૦/- માસિક સરેરાશ-૨૦૯૮૩૩/-

<u>વર્ષ ૨૦૨૩-૨૦૨૪</u>

૧. એપ્રિલ /૨૦૨૩ -	રૂ.૧૧૦૮૪૪/-
૨. મે/૨૦૨૩-	રૂ.૧૬૧૦૦૩/-
૩. જૂન/૨૦૨૩-	રૂ.૧૨૪૧૬૦/-

૪. જુલાઈ/૨૦૨૩- રૂ.૧૪૮૫૩૬/-
૫. ઓગસ્ટ/૨૦૨૩ રૂ.૧૬૦૦૦૦/-
૬. સપ્ટેમ્બર/૨૦૨૩- રૂ.૧૦૦૦૦૦/-
૭. ઓકટોબર/૨૦૨૩- રૂ.૪૨૦૦૦/-
૮. નવેમ્બર/૨૦૨૩- રૂ.૨૨૦૦૦/-
૯. ડિસેમ્બર/૨૦૨૩- રૂ.૨૭૦૦૦/-

કૂલઃ રૂ.૮૯૫૫૪૩/- માસિક સરેરાશ-૭૪૬૨૮/-

આમ ઉપર મુજબ સને ૨૦૨૧-૨૦૨૨ થી સને ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન સિલકો મર્યાદા કરતાં વધુ હાથ ઉપર રહેલ છે. મંડળીએ દર વર્ષે સિલક ઠરાવ નીચે મુજબ કરેલ છે.

(૧) સને ૨૦૨૧-૨૦૨૨ માં તા. ૧૦/૧૧/૨૦૨૦ ના કમેટી ઠરાવ નંબર-૫ થી રૂ.૪૦૦૦૦/-

(૨) સને ૨૦૨૨-૨૦૨૩ માં તા. ૧૨/૦૮/૨૦૨૧ ના કમેટી ઠરાવ નંબર-૭ થી રૂ.૪૦૦૦૦/-

(૩) સને ૨૦૨૩-૨૦૨૪ માં તા. ૦૩/૦૯/૨૦૨૩ ના કમેટી ઠરાવ નંબર-૫ થી રૂ.૭૦૦૦૦/-

ઉપર મુજબ ની વધૂ હાથ પર રહેલ સિલકો અંગે આપેલ હાફ માર્જિન-૭ ના જવાબ માં સેક્રેટરીએ જણાવ્યા મજબ શરૂમાં કોરોના કાળ ને કારણે તથા બેંકની શાખા અમારા ગામ થી દૂર નડિયાદ મુકામે હોઈ અને અમારૂ ગામ મુખ્ય રસ્તાથી ૨ Km અંદર હોઈ તથા બસની સેવા ના હોઈ સમયસર રોકડ બેકમાં ભરાવેલ નથી, જેને લીધે કયારેક વધુ સિલક હાથ પર રહેલ છે.

સેકેટરીનો આ ખુલાસો યોગ્ય જાણતો નથી ઉપર ની વિગત જોઈએ તો સમગ્ર વર્ષો દરમિયાન જણવેલ સરેરાશ મુજબ સિલકો વધુ હાથ ઉપર રહેલ છે, જે ગંભીર ગેરરીતિ સબબ ઓડીટ માર્ગદર્શીકા તથા વડી કચેરીના તા.૧/૩/૮૦ ના પરપિત્ર મુજબ આ સિલક નું વ્યાજ ભરવા માટે કોણ કેટલા અંશે જવાબદાર છે જે માટે ઉંડી તપાસ જરૂરી જણાતી હોઈ, કલમ ૮૬ નો અલગથી અહેવાલ કરેલ છે.

{૨} સિલક ઉચાપત અંગે

મંડળીના ખાસ ઓડિટ સમય દરમ્યાન સિલક ઉઘડતી/બંધ ની ચકાસણી કરતાં નીચે જણાવ્યા મુજબ ગંભીર ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૧) મંડળી એ તા.૨૩/૦૮/૨૦૨૨ ના રોજમેળે પાનાં નંબર-૨૯૬/૨૯૭ ઉપર બંધ સિલક રૂ.૩૨૮૨૬/- દર્શાવેલ છે, જે ચકાસણી કરતાં તે દિવસે રૂ.૧૪૨૮૨૬/- હોવી જોઈએ. આમ રૂ.૧૧૦૦૦૦/- જેટલી સિલક ઓછી દર્શાવેલ છે.

(૨) મંડળી એ તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજમેળે પાનાં નંબર-૨૭૬ ઉપર ઉઘડતીબંધ સિલક રૂ. ૨૨૯૮૬૫/૪૫ દર્શાવેલ છે, જે ચકાસણી કરતાં તે દિવસે રૂ.૨૭૩૫૨૧/- હોવી જોઈએ. આમ રૂ.૪૩૬૫૬/- જેટલી સિલક ઓછી દર્શાવેલ છે.

(૩) મંડળી એ તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજમેળે પાનાં નંબર-ઉપર બંધ સિલક રૂ.૧૭૦૪૯૯/- દર્શાવેલ છે, જે ચકાસણી કરતાં તે દિવસે રૂ.૧૨૦૦૫૪/- હોવી જોઈએ આમ રૂ.૨૫૫૫/- જેટલી સિલક ઓછી દર્શાવેલ છે.

આમ ઉપર મુજબ ઓછી સિલકો દર્શાવેલ છે. જે અંગત વપરાશ માં લીધેલ હોવાનું ફલિત થાય છે. સેક્રેટરીએ સરવાળા ભૂલ તથા સિલક ભૂલ થયેલ હોવાનું જણાવેલ છે અને તે સબબ વધુ સિલક હાથ પર રહેલ હોવાનું જણાવેલ છે અને આગામી હિસાબો માં સરભર કરવાની ખાત્રી આપેલ છે.

સેક્રેટરી/મંડળીનો ખુલાસો ગાહ્ય રાખી શકાય તેમ નથી, આજ દિન સુધી હિસાબો તપાસી રકમ સરભર કરવામાં આવેલ નથી અને સિલકો અંગત વપરાશ માં લીધેલ હોવાનું ફલિત થાય છે, આમ ગંભીર ગેરરીતિ સબબ ઓડીટ માર્ગદર્શીકા તથા વડી કચેરીના તા.૧/૩/૮૦ ના પરપિત્ર મુજબ સહકારી કાયદા મુજબ અલગથી અહેવાલ કરેલ છે ઊંચાપત અન્વયે તથા કિમટીએ વખતો વખત હિસાબો ન તપાસી તેમની ફરજ તથા જવાબદારીઓ અદા કરવામાં નિષ્ફળ રહેલ છે.

{૩} <u>સેક્રેટરીશ્રી ધ્વારા મંડળીમાંથી લોન ઉપાડવા અંગે (એડવાન્સ ઉપાડ બાબત)</u>

(અ) મંડળીએ તા.૩૦/૦૩/૨૦૨૩ ની વ્ય.કમીટીના ઠરાવ નંબર-૬ થી ૭% ના વ્યાજે સેક્રેટરી શ્રી રામાભાઈ પુંજાભાઈ પરમાર ને ₹ ૨ /-લાખ અને કોમ્પ્યુટર ઓપરેટર શ્રી ભાવિનભાઈ રણજીતસહિ ને ₹ ૧ /- લાખ ની લોન (એડવાન્સ ઉપાડ) મંજૂર કરી ચૂકવેલ છે. ત્યાર બાદ કમીટીએ તા. ૦૩/૦૪/૨૦૨૩ ના વ્ય.કમીટી મીટીંગના ઠરાવ નંબર ૬/૭ થી ઉપર મુજબની લોન બિન-વ્યાજુકી કરવાનો ઠરાવ કરેલ છે.

સદર બાબતે મંડળીની વ્યવસ્થાપક કમીટીએ કર્મચારી લોન અંગેના કોઈ નિયમો ઘડેલા નથી કોઈ લોન અરજી લીધેલ નથી. અને ૭% વ્યાજે લોન મંજૂર કરી ચકૂવ્યા બાદ આશરે એક માસ બાદ લોન બિન વ્યાજુકી કરી લોનનુ વ્યાજ જતુ કરેલ છે. આમ કમીટીએ ખોટા ઠરાવ કરી મંડળીને નાણાંકીય નુકશાન કરેલ છે.

વધુમા બે કર્મચારીઓની લોન સેક્રેટરી શ્રી રામાભાઈ પુંજાભાઈ પરમારે પોતે લીધેલ છે. કોમ્પ્યુટર ઓપરેટર શ્રી ભાવિનભાઇ રણજીતસિહ ની ₹ ૧ /-લાખ ની લોન પણ સેક્રેટરી શ્રી રામાભાઈ પુંજાભાઈ પરમારે પોતે લીધી છે. અને અનિયમિત રીતે તેઓ ની જોગવાઈ થયેથી લોનના હપ્તા ભરે છે.

આ અંગે સેક્રેટરી એ સ્પસ્ટતા કર્યા મુજબ આ સમય માં તેઓ ના પારિવારીક પશ્નો અને કાબૂ બહાર ના સંજોગો ના કારણે ખાતર સ્ટોક વેચાણની શરત ચૂકથી થયેલ ભૂલો ને કારણે તેમની પાસે રહેવા પામેલ સિલક સરભર કરવા બે નામે લોન લઈ, તેમના દ્વારા થએલ ખાતર સ્ટોક ભૂલ, સિલક ભૂલ અને કંટ્રોલ વેચાણ સ્ટોક ભૂલ ને કારણે પડેલ તૂટ ને સરભર કરવા લોન લઈ મંડળી માં ભરપાઈ કારલે છે. અને લોન ના હપ્તા વખતો વખત વ્યવસ્થા થયેથી રકમ ભરેલ છે. હાલ માં લગભગ રૂ. ૪૫૦૦૦ જેટલી રકમ ભરવાની બાકી રહેલ છે. જે ભરવાની કાર્યવાહી ચાલુ છે. તેમ જણાવી,આ શરતચૂક દરગુજર કરવા વિનંતી કરેલ છે. જે જોતાં સેક્રેટરીએ પોતાની અંગત ભૂલોને સરભર કરવા આમ કરેલ છે. જેથી નીતિ નિયમો વગર કરેલ આ કાર્યવાહી જાણીબુજીને કરેલ છે જેથી સહકારી કાયદાની કલમ-૧૪૭(આર)નો ભંગ થાય છે, જે માટે સેક્રેટરી તથા તત્કાલીન કમીટી જવાબદાર છે. આ કમિટી પણ નીતિનિયમોની બહાર જઈ બિનવ્યાજુકી લોન મંજૂર કરી મંડળીને વ્યાજનું નુકસાન કરેલ છે. અને તેઓની ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ રહેલ છે.

આમ ઉકત વિગતે મંડળીમાં રાસાયણીક ખાતર વિતરણ માં તેના સ્ટોક માં ગેરરીતિ આચરી મંડળીને નુકસાન કરેલ છે. સ્ટોક ની ઉચાપત કે સ્ટોક વેચાણના નાણા રોજમેળે ના લઈ અંગત વપરાશ મા લીધેલ હોવાનું ફલિત થાય છે. તે મુજબ કંટ્રોલ માલના વેચાણ માં

વેચાણપત્રક ના નિભાવી, કેશમેમો કે બિલો ના આધારો રેકર્ડ પર ના રાખી, મફત વિતરણ ના આધારો ના રાખી સ્ટોક કપાત માં વેચાણ કરતાં વધુ સ્ટોક કપાત કરી રોજમેળે વેચાણ અંગેની પૂરતી વિગતો ન લખી સીધે સીધો વકરો જમા લેવા, તદઉપરાંત મર્યાદા કરતાં વધુ સિલક હાથ ઉપર રાખી અને બે થી ત્રણ કિસ્સામાં સિલક ઉચાપત ની બાબતો ધ્યાને આવેલ છે અને નાણા અંગત વપરાશમા લીધા હોવાનું ફલિત થાય છે.

ઓડીટરશ્રી દ્વારા કરવામાં આવેલ સ.કા.ક-૮૧ ના અહેવાલ ની વિગતે અત્રેની કચેરી ના પત્ર ક્રમાંક સકક/૦૧/ખ-૧/૫૫/૨૦૨૫ તા.૬/૬/૨૦૨૫ થી મંડળીના કાર્યવાહકોને કારણદર્શક નોટીશ આપી અત્રેની કચેરીએ તા.૧૬/૬/૨૦૨૫ ના રોજ સુનાવણી રાખેલ છે. તેમજ તા.૧૮/૬/૨૦૨૫ ના પત્રથી મંડળીના વ્ય.ક.સભ્યોએ સંમતી પત્ર લખી આપેલ છે. ત્યારબાદ અત્રેની કચેરી દ્વારા મંડળીના કાર્યવાહકોને સ.કા.ક-૮૧ ની કારણદર્શક નોટીશ અન્વયે ન્યાયના હિતમાં આખરી તક પત્ર ક્રમાંક:સકક/૦૧/ખ-૧/૧૨૦/૨૦૨૫ તા.૨૯/૦૮/૨૦૨૫ થી આપી તા.૧૧/૯/૨૦૨૫ ના રોજ હાજર રહેવા જણાવતાં તા.૧૧/૯/૨૦૨૫ ના રોજ મંડળીના સેક્રેટરી/હીશાબનીશ રુબરુ હાજર રહી સેક્રેટરી દ્વારા કેડીસીસી બેંકમાં મંડળીના ખાતામાં ભરેલ રકમ રૂ.૯,૦૦,૦૦૦/-નવ લાખ પુરા ની બેંક સ્લીપો રજુ કરેલ છે.

ઓડીટરશ્રી દ્વારા કરવામાં આવેલ સ.કા.ક-૮૧ ના અહેવાલ જોતા રાસાયાણીક ખાતર તથા કંટ્રોલમાલ ના વિતરણ માં ગેરરીતિ ,સભાસદો, ગ્રામજનો ને પૂરતું ખાતર અને અનાજ ન મળવાની તેઓની રજૂઆતને સમર્થન મળે છે. જે અંગે કમિટી પણ નષ્ફિળ ગયેલ છે. અહેવાલની તમામ વિગતો ધ્યાને લેતા મંડળીના મંજુર થયેલ પેટા નિયમ મુજબ મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોએ ફરજ બજાવવાની હતી તે ફરજો બજાવવામાં નષ્ફિળ જતાં મંડળીને આર્થિક/નાણાંકિય નુકશાન જવા પામેલ છે. તેમજ મંડળીનો વહીવટ યોગ્ય રીતે ચલાવતા ન હોઈ મંડળીના સભાસદોનું નાણાંકિય હીત સાચવી શકે તેમ ન હોઈ અત્રેની કચેરી દ્વારા આપેલ કારણદર્શક નોટીશ/ન્યાયના હીતમાં આપેલ આખરી તક અન્વયે મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્યોએ કોઈ પ્રત્યુતર કે જવાબ આજદિન સુધી આપેલ ના હોઈ મંડળીના કમિટી સભ્યો સામે સહકારી કાયદાનિ કલમ-૮૧ અન્વયે કાર્યવાહી કરવાનું ઉચિત જણાય છે.

આમ ઉકત તમામ હકીકતો જોતા સંસ્થાના સંચાલનમાં અધિનિયિમ અને ઉપ-નિયમોનુસાર રચાયેલી સમિતના આ અધિનિયિમ, નિયમ, ઉપ-નિયમો મુજબ કરવાનો હોય છે. સંસ્થાની વ્યવસ્થાપક કમિટી પોતાની ફરજો બજાવવામાં વારંવાર કસુર કરેલ છે. સંસ્થાના હિત વિરુધ્ધ કૃત્ય કરેલ છે. જેથી સહકારી પ્રવૃતિના બહોળા હિતને લક્ષ્યમાં રાખી સંસ્થાની વ્યવસ્થાપક કમિટીને દૂર કરી અધિનિયિમ-૮૧ અન્વયે વહીવટદારની નિમણુંક કરવી યોગ્ય જણાય છે. જે અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સ્તુતિ રાવલ, જીલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયિમ, ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ધી કંજોડા સેવા સહકારી મંડળી લી., મુ.કંજોડા, તા.નડીયાદ, જી.ખેડામાં ઉકત વિવરણને ધ્યાને લઈને હાલની વ્યવસ્થાપક કમિટીને દૂર કરીને મંડળીનો વહીવટ ચલાવવા માટે વહીવટદાર તરીકે શ્રી આર.એન.રીસાલદાર,ઓડીટર ગ્રેડ-૧, સ.મં., નડીયાદની નિમણુંક કરું છું. વહીવટદારશ્રીએ ઉકત મંડળીમાં મંડળીની વ્યવસ્થાપક કમીટીની ચુંટણી સમય મર્યાદામાં પૂર્ણ કરાવી નવી વ્યવસ્થાપક કમીટીની રચના કરી અત્રેની કચેરીમાં જાણ કરવાની રહેશે.

નડીયાદ તા.૨૯મી સપ્ટેમ્બર ૨૦૨૫

સ્તુતિ રાવલ
જીલ્લા રજીસ્ટાર
સહકારી મંડળીઓ, નડીયાદ

વંચાણે લીધા :–

(૧) શ્રી એમ.જી.પટેલ, પ્રમાણિત ઓડીટર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા દ્વારા તા.૨૮/૦૨/૨૦૨૪ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા કરેલ દરખાસ્ત.

(૨) આ કચેરીના તા:૧૭/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ /૩૪૪/૨૦૨૫ થી પાઠવેલ કારણદર્શક નોટીશ

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ,૧૦૮ (૧) ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક:જીએચકે/૫૧/ ૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ગ/૪૩૯/૧૩૦૮/૨૦૨૫.- ધી માર્ગ યોજના (પં) પેટા વિભાગ વડગામના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું.તા.વડગામ, જિ.બનાસકાંઠા (જેનો હવે પછી ''મંડળી'' તરીકે ઉલ્લેખ થશે.) એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ થશે.) ની કલમ-૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં.૩૦૯૧૯, તા.૦૫/૦૧/૧૯૯૯ થી નોંધાયેલ છે.

આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા આમુખ-૨ ની વિગતે કારણદર્શક નોટીસ આપી તા.૦૩/૦૭/૨૦૨૫ના રોજ સુનાવણી રાખી રજૂઆત કરવાની તક આપેલ હતી. પરંતુ મંડળીના કાર્યવાહકો/હોદેદારો તરફથી સદરહું દિવસે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી તેથી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ નીચેના કારણોને ધ્યાને લઈ કરવામાં આવે છે.

(૧) સદર સંસ્થામાં માત્ર-૧ જ સભાસદ ૩૧/૦૩/૨૦૨૩ ના અંતે રહેવા પામેલ છે.

(૨) સંસ્થામાં તા.૩૧/૦૩/૨૦૨૩ ના અંતે ખોટ કરેલ છે.

(૩) વાર્ષિક સાધારણ સભા તા.૦૧/૦૮/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક-૩ થી મંડળી આટોપી લેવા અંગે ઠરાવ પસાર કરેલ છે.

(૪) મંડળીના કાર્યવાહકોએ મંડળીને ફડચામાં લઈ જવા લેખિત વિનંતી કરેલ છે.

ઉકત કારણો જોતાં મંડળી હાલમાં સ્થગિત અવસ્થામાં જણાય છે. મંડળીનો વહીવટ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, મુજબ થતો જણાતો ન હોય મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭(૧) અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું એમ.આર.ત્રિવેદી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા, સરકારીશ્રીના આમુખ-૪ ના જાહેરનામા અન્વયે હોદ્દાની રૂએ મળેલ સત્તા મુજબ, પ્રસ્તાવનાની વિગતે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૩(૧) અન્વયે ધી માર્ગ યોજના (પં) પેટા વિભાગ વડગામના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું.તા.વડગામ, જિ.બનાસકાંઠાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું અને અધિનિયમની કલમ-૧૦૮ (૧) હેઠળ મંડળીના ફડચા અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પાલનપુરની નિમણૂક કરું છું

આ હુકમની એક નકલ મંડળીને, આ હુકમની તારીખથી એક મહિનાની અંદર અત્રેની સમક્ષ પોતાનો ખુલાસો રજુ કરવા મોકલવામાં આવે છે. જો એક મહિનાની અંદર મંડળી તરફથી આ હુકમ સબંધમાં કોઈ ખુલાસો કે રજૂઆત કરવામાં નહીં આવે તો આ બાબતે મંડળીને કંઈ કહેવું નથી તેમ માની. આ વચગાળાના હુકમને બહાલી આપતો આખરી હુકમ કરવામાં આવેશે.

બનાંસકાઠા તા.૩જી ઓકટોમ્બર ૨૦૨૫

એમ.આર.ત્રિવેદી
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, બનાસકાંઠા

ક્રમાંક : CSSURSEMILK202501535/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : ચૌધરી ફળીયા મહિલા સહકારી દુધ ઉત્પાદક મંડળી લીમીટેડ મું.પો.કોસાડી, તા.માંડવી, જિ.સુરતને

સને :૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૫

ક્રમાંક : CSSURSEMILK202501536/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : સેવાભાવી મહિલા સહકારી દુધ ઉત્પાદક મંડળી લીમીટેડ મું.પો.કરવલી, તા.માંડવી, જિ.સુરતને

સને :૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૫

ક્રમાંક : CSSURSEMILK202501583/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : શ્રી દામકા દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લીમીટેડ મું.પો.દામકા, તા.ચોર્યાસી, જિ.સુરતને

સને :૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૨૪મી સપ્ટેમબર ૨૦૨૫

ક્રમાંક : CSSURSEMILK202501584/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : શ્રી ખરવાસા દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લીમીટેડ મું.પો.ખરવાસા, તા.ચોર્યાસી, જિ.સુરતને

સને :૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૫

ક્રમાંક : CSSURSEMILK202501616/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : જાગૃતિ મહિલા સહકારી દુધ ઉત્પાદક મંડળી લીમીટેડ મું.પો.ગવાછી, તા.માંડવી, જિ.સુરતને

સને :૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૫

ક્રમાંક : CSSURSEMILK202501618/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : યુગ શકિત મહિલા સહકારી દુધ ઉત્પાદક મંડળી લીમીટેડ મું.પો.કસાલ, તા.માંડવી, જિ.સુરતને

સને :૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૫

ક્રમાંક : CSSURSEMILK202501620/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : રોશન મહિલા સહકારી દુધ ઉત્પાદક મંડળી લીમીટેડ મું.પો.ખરેડા, તા.માંડવી, જિ.સુરતને

સને :૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૩૦મી સપ્ટેમબર ૨૦૨૫

ક્રમાંક : CSSURSEMILK202501621/ સને -૨૦૨૫ આથી જાહેર કરે છે કે : ગભેણી દૂધ ઉત્પાદક સહકારી મહિલા મંડળી લીમીટેડ મું.પો.ગભેણી, તા.ચોર્યાસી, જિ.સુરતને

સને:૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૫

(સહી)-અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ સુરત

ક્રમાંક : CSSURSAHAA202501676 આથી જાહેર કરે છે કે : રોયલ ઓએસીસ બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.ડભોલી, તા.કતારગામ, જિ.સુરતને

સને:૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૪થી સપ્ટેમ્બર ૨૦૨૫

ક્રમાંક : CSSURSAHAA202501677 આથી જાહેર કરે છે કે : શ્રી કેશવ વિલા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.પાસોદરા, તા.પુણા, જિ.સુરતને

સને:૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૪થી ઓકટોમ્બર ૨૦૨૫

ક્રમાંક : CSSURSAHAA202501678 આથી જાહેર કરે છે કે : શ્રી પ્રમુખ એકઝોટીકા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ.મું.અબ્રામા, તા.અબ્રામા, જિ.સુરતને

સને:૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૪થી ઓકટોમ્બર ૨૦૨૫

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ)
સુરત

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.06 16:34:01 IST